dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-7 | Issue-207 | AD-2024, Chaitra Vad-07 | Wednesday, Dt.01-05-2024 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

### જામનગર ખાતે યોજાનાર જાહેરસભા પૂર્વે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્થળની સમીક્ષા કરી

# આજથી પ્રધાનમંત્રી મોદી ગુજરાતમાં : બે દિવસમાં ૬ સભાઓ ગજવશે

**જૂનાગઢ ખાતે પ્રધાનમંત્રીની સભામાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, સાસંદ, ધારાસભ્યો સહિત અમરેલી, લાઠી અને ધારી વિધાનસભા બેઠકના હોદેદારો અને કાર્યકરો હાજર રહેશે**

અમદાવાદ,તા.૩૦

ગુજરાતના સ્થાપના દિવસથી જ પીએમ મોદી ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. વડાપ્રધાન મોદી ૧ અને ૨ મેના રોજ બે દિવસમાં જ ૬ જાહેર સભાઓ ગજવશે. ૧ મેના રોજ પીએમ મોદી ડીસા અને હિંમતનગરમાં જંગી જાહેર સભા યોજશે.

ગુજરાતના સ્થાપના દિવસ એટલે કે ૧ મેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને ધમરોળી ઝંઝાવાતી પ્રચાર કરશે. વડાપ્રધાન ૧ અને ૨ મે એમ બે દિવસમાં કુલ ૬ જાહેર સભાઓ ગજવશે. જેમાંથી એક જાહેરસભા જામનગરમાં પણ યોજાવાની છે, ત્યારે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ સભા સ્થળની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી.



જામનગરમાં ૨ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભા યોજાવાની છે. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જામનગરની મુલાકાત લીધી હતી. તેમણે સભા સ્થળની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી. કેબિનેટ પ્રધાન મુળુ બેરા, રાઘવજી પટેલ, પરીમલ નાથવાણી સાથે તેમણે બેઠક કરી હતી. ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને રિવાબા જાડેજા પણ બેઠકમાં સામેલ થયા હતા. હર્ષ સંઘવીએ સ્થાનિક ક્ષત્રિય સમાજના લોકો સાથે પણ બેઠક કરી હતી. પૂનમ માડમના નિવાસસ્થાને બેઠકમાં તૈયારી અને ક્ષત્રિયોના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. તો બીજી તરફ હર્ષ સંઘવીએ રાહુલ ગાંધીની રાજા-મહારાજાઓ અંગે કરેલી ટિપ્પણીની નિંદા કરી હતી.

મહત્વનું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ચૂંટણી રણમાં ઉતરશે. ગુજરાતના સ્થાપના દિવસથી જ પીએમ મોદી ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. વડાપ્રધાન મોદી ૧ અને ૨ મેના રોજ બે દિવસમાં જ ૬ જાહેર સભાઓ ગજવશે. ૧ મેના રોજ પીએમ મોદી ડીસા અને હિંમતનગરમાં જંગી જાહેર સભા યોજશે. જ્યારે કે ૨ મેના રોજ તેઓ આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગર એમ કુલ ૪ જાહેર સભાઓ ગજવશે. વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે. બે દિવસ દરમિયાન પીએમ મોદી ૧૪ લોકસભા અને ૭૦ વિધાનસભા બેઠકને આવરી લેશે. પીએમ મોદી કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતની તમામ બેઠકો આવરી લેશે. જૂનાગઢ ખાતે પ્રધાનમંત્રીની સભામાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, સાસંદ, ધારાસભ્યો સહિત અમરેલી, લાઠી અને ધારી વિધાનસભા બેઠકના હોદેદારો અને કાર્યકરો હાજર રહેશે.

### રેવન્ના કર્ણાટકની હાસન સીટ પરથી ઉમેદવાર છે

# જાતીય સતામણીના આરોપમાં પ્રજ્જવલ રેવન્ના જેડીએસમાંથી સસ્પેન્ડ

**મહિલાઓની જાતીય સતામણીના કેસમાં રાજ્ય સરકારે એસઆઈટીની રચના કરી**

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૩૦

કર્ણાટકના રાજકારણમાં હલચલ મચી ગઈ છે. પ્રજ્જ્વલ રેવન્ના, જેઓ અનેક મહિલાઓના જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા છે, તેમને જેડીએસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેડીએસ કોર કમિટીના અધ્યક્ષ જીટી દેવગૌડાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે અમે પ્રજ્જ્વલ રેવન્ના વિરુદ્ધ એસઆઈટીનું સ્વાગત કરીએ છીએ. અમે અમારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને એસઆઈટી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવા ભલામણ કરવાનો નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે વર્તમાન લોકસભા ચૂંટણીમાં રેવન્ના કર્ણાટકની હાસન સીટ પરથી પાર્ટીના ઉમેદવાર છે. કોર કમિટીની બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા જીટી દેવગૌડાએ કહ્યું, “અમે તેમને (પ્રજ્જ્વલ રેવન્ના)ને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવા માટે સર્વસંમતિથી ઠરાવ પણ કર્યો છે તે લોકસભાના સભ્ય હોવાથી અમે ઈચ્છીએ છીએ કે પાર્ટી અધ્યક્ષ તાત્કાલિક પગલાં લે." કર્ણાટકના હાસનમાં જેડીએસ સાંસદ અને એનડીએના વર્તમાન ઉમેદવાર રેવન્નાની ધરપકડની માંગ થઈ રહી છે. લોકો માર્ગ પર ઉતરી આવ્યા હતાં. કર્ણાટક સરકારે સાંસદ દ્વારા સેંકડો મહિલાઓના કહેવાતા યૌન ઉત્પીડનથી જોડાયેલા મામલાની



તપાસ માટે એસઆઈટીની રચના કરી છે. પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ કોંગ્રેસ પર તેમના પરિવારની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો છે. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, "આ અમારા પરિવારની છબીને ખતમ કરવાનું કોંગ્રેસનું ષડયંત્ર છે. આમાં દેવેગૌડાજી અથવા મારી ભૂમિકા શું છે? અમે તે બાબતો માટે જવાબદાર નથી. આ વ્યક્તિગત બાબત છે. પ્રજ્જ્વલ રેવન્ના, હું તેમના સંપર્કમાં નથી, કેટલાક નિર્ણયો લેવાની જવાબદારી સરકારની છે. તેમણે વધુમાં કહ્યું કે, "અમે તેમને બચાવવાનો પ્રયાસ નથી કરી રહ્યા. અમે તેની સામે પગલાં લઈશું, પરંતુ આ માટે સરકાર વધુ જવાબદાર છે. માત્ર એક કાકા તરીકે નહીં, પરંતુ દેશના એક સામાન્ય માણસ તરીકે આપણે આગળ વધવું જોઈએ. આ શરમજનક બાબત છે કે અમે આવી ગેરકાયદેસર વસ્તુઓ માટે લડત ચલાવી છે. ભાજપે જેડીએસના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે મહિલાઓની વિરૂધ્ધ અત્યાચારને લઈ ભાજપની જીરો ટોલરેંસ નીતિ છે. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું છે. ભાજપના નેતાએ કોંગ્રેસ પર આ મામલા પર બેવડા માપદંડ અપનાવવાનો આરોપ લગાવ્યો છે.

# ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ જાહેર, રોહિત કેપ્ટન, હાર્દિક વા.કેપ્ટન

અમદાવાદ, તા.૩૦

અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં ૧ જૂનથી શરૂ થઈ રહેલા T૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. BCCIએ મંગળવારે રોહિત શર્માની કેપ્ટનશિપમાં ટૂર્નામેન્ટ માટે ૧૫ સભ્યની ટીમ જાહેર કરી છે.IPLમાં સારી બેટિંગ કરી રહેલા સંજુ સેમસન અને રિષભ પંતને વિકેટકીપર તરીકે પસંદ કર્યા છે. હાર્દિક



પંડ્યાની સાથે શિવમ દુબેની પણ પેસ બોલિંગ ઓલરાઉન્ડરની શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે. શુભમન ગિલ અને રિંકુ સિંહ મુખ્ય ટીમમાં જગ્યા બનાવી શક્યા નથી. તેમને ટ્રાવેલિંગ રિઝર્વનો ભાગ બનાવવામાં આવ્યા છે.

**ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ**

રોહિત શર્મા( કેપ્ટન ), હાર્દિક પંડયા ( વા.કેપ્ટન ), વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, સુર્યકુમાર યાદવ, ઋષભ પંત( વીકી ), સંજુ સેમસન( વીકી ), રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, શિવમ દુબે, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, મોહમ્મદ સીરાઝ **રીઝર્વ ખેલાડી :** શુભમન ગીલ, રીંકુ સિંહ, ખલીલ અહેમદ અને આવેશ ખાન

શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
બાલમંદિર થી ધો. ૧૨
ADMISSION OPEN
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આટ્ર્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ | ફુલ ડે સ્કૂલ
મિક્સ મિડિયમ સ્કૂલ | જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા | સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ | ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આટર્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

AIMS HOSPITAL-AMRELI - એઈમ્સ હોસ્પિટલ અમરેલી
Care is our culture
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૩,૭૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

## દેશને વધુ મજબૂત કરવા આગામી તા.૭ના રોજ ભાજપ તરફી મતદાન કરવા ભરતભાઈ સુતરીયાનો અનુરોધ

# મહુવાના ગ્રામ્ય વિસ્તારોમાં ભરત સુતરીયાનો ઝંઝાવાતી પ્રચાર





અમરેલી, તા.૩૦

આગામી તા.૭ મેના રોજ રાજયમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે ભાજપના ઉમેદવાર અમરેલી લોકસભાના વિસ્તારનો પ્રવાસ ખેડી રહ્યાં છે.

પ્રવાસમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને ગ્રામજનો તરફથી અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. ભરતભાઈ સુતરીયાએ મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો શારદીકા, કુંભણ, તરેડ, કંટાસર, માળવાવ, દયાળ, વાઘનગર, ખરેડ, ડોળીયા સહિત વિવિધ ગામડાઓમાં પ્રચાર પ્રસાર કર્યો હતો. આ તકે કેન્દ્રની મોદી સરકારની વિવિધ સિદ્ધિ વિશે લોકો સાથે ચર્ચા કરી હતી.

દરેક કાર્યક્રમમાં લોકોની મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી. આ તકે ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. મકવાણા, પૂર્વ મહામંત્રી હરેશભાઈ વાઘ, મહુવા વિધાનસભાના સંયોજક બાબુભાઈ જોળીયા, જિલ્લા પંચાયતનાં બંધકામ સમિતિના ચેરમેન દશરથભાઈ જાની, ચેરમેન રૂખડભાઈ, મહુવા એપીએમસીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, મહુવા એપીએમસીના ડાયરેક્ટ જીલુભાઈ ભૂખણ, જીતેનભાઈ જાની, મહુવા તાલુકાના પ્રમુખ મોહનભાઈ મકવાણા, શામજીભાઈ મકવાણા, ભાવેશભાઈ કળસરિયા, ખરક જ્ઞાતિ પ્રમુખ પુનાભાઈ વળીયા, કોળી સેનાનાં કારોબારી સભ્ય જે.પી. જોળીયા, અનુસૂચિત જાતિના પ્રમુખ ભીખાભાઈ રાવલિયા, લખુમતી સમાજના અગ્રણી સતારશાહ મોગલ, સરપંચ હોથીભાઈ જાંજડા, સરપંચ કનુભાઈ બાંભા, માજી સરપંચ મોહનભાઈ રાવળ, અલારખભાઈ સેલોત સહિત ભાજપના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ભરતભાઈ સુતરીયાને વિજયી બનાવવા આગેવાનોએ ગ્રામજનોને અપીલ કરી હતી.

ગ્રામ્ય વિસ્તારોમાં ભરતભાઈ સુતરીયાને ફુલડે વધાવતા ગ્રામજનો

## ભરત સુતરીયાને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ

# ભુપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં બાબરા ભાજપ દ્વારા મતદાર મિટિંગનું આયોજન કરાયું



બાબરા,તા.૩૦

બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયા સમર્થનમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને કી વોટર્સ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાબરા શહેરનાં બુદ્ધિજીવી આગેવાનો, વેપારીઓ, વકીલ મંડળના સભ્યો, ઉદ્યોગપતિઓ, ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો, વેપારી મહામંડળના આગેવાનો, વિવિધ જ્ઞાતિના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે અપીલ કરવામાં આવી હતી. આ તકે ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આહીર સમાજ-અમરેલી દ્વારા વેવિશાળ માહિતી કેન્દ્રનો પ્રારંભ

અમરેલી,તા.૩૦

અમરેલી ખાતે આહીર સમાજ રાધેશ્યામ સેવા ટ્રસ્ટ-અમરેલી દ્વારા સમસ્ત આહીર સમાજના ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા લગ્નોત્સુક યુવક/યુવતીઓ માટે વેવિશાળ પરિચય મેળાના ચોટીલા અને ગાંધીનગર ખાતે ભવ્ય આયોજન બાદ અમરેલી ખાતે સમસ્ત આહીર સમાજના યુવક/યુવતીઓ અને પરિવાર એકબીજાના સંપર્કમાં આવે, વર્તમાન યુગમાં પાત્ર પસંદગીની સમસ્યા અતિ વિકટ છે ત્યારે આ સમસ્યાને અમુક અંશે હળવી બનાવવા અમરેલી ખાતે સમસ્ત આહીર સમાજના વેવિશાળ માહિતી કેન્દ્રના પ્રમુખ રતનબેન રતીલાલ બલદાણીયા, રાધેશ્યામ ટી સ્ટોલ, સ્ટેશન રોડ, તાલુકા પોલીસ સ્ટેશનની બાજુમાં અથવા ઓફિસ સ્થળ જુના માર્કેટીંગ યાર્ડ, ફ્રુટ માર્કેટ, પહેલો માળ, દુકાન નં. સી/એફ ૧૯, મો. નં.૯૨૬૫૦ ૪૫૨૦૦ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# બગસરા કરિયાણા એસોસિએશનની મિટિંગમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી

### કરિયાણા એસો.ના પ્રમુખનું અપમાન થયા બાદ નિર્ણય લેવાયો

બગસરા,તા.૩૦

બગસરા કરિયાણા એસો.ના પ્રમુખ અને સથવારા સમાજના ઉપપ્રમુખ દિનેશ હડીયલનું ભાજપના કાર્યક્રમમાં અપમાન થયા બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જેથી આ બાબતે કરિયાણા એસો.ની બેઠક મળી હતી. આ બેઠકમાં હાજર રહેલા વેપારીઓએ જણાવ્યું હતું કે, દિનેશભાઈ હડીયલ કરિયાણા એસો.ના પ્રમુખ હોય અને મંચ પર બેસાડયા બાદ ભાજપના આગેવાન દ્વારા તેમનું અપમાન કરવામાં આવતા કરિયાણા એસોસિએશન આ અપમાન સહન કરશે નહી. જેથી કરિયાણા એસો.એ જણાવ્યું હતું કે, ભાજપના આગેવાન દ્વારા કરવામાં આવેલું કૃત્ય સાંખી લેવામાં નહી આવે. જો આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ આગેવાનને ઘરે બેસાડવામાં નહી આવે અથવા તો પાર્ટીમાંથી સસપેન્ડ કરવામાં નહી આવે તો અને આગામી બે દિવસમાં પક્ષ તરફથી કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો કરિયાણા એસો. ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને લોકસભાની ચૂંટણીમાં મતદાન બહિષ્કાર કરવામાં આવશે તેમ કરી કરિયાણા એસો.ની યાદીમાં જણાવાયુ છે.

## ગ્રામજનોએ કંપનીની સ્થાપના સામે આવેદનપત્ર પાઠવ્યું

# રાજુલા પંથકમાં કોપર કંપનીની સ્થાપના સામે વિરોધનો વંટોળ



રાજુલા,તા.૩૦

રાજુલા અને જાફરાબાદ પંથકમાં ઈન્ડો એશિયા કોપર પ્રા.લિ.ની સ્થાપના સામે ગ્રામજનોમાં પ્રચંડ રોષ ફેલાયો છે. ગ્રામજનોએ રોષ સાથે જણાવ્યું છે કે, જો આ ઉદ્યોગની સ્થાપના કરવામાં આવશે તો પર્યાવરણ અને ફળદ્રુપ જમીન માટે આ નુકસાનકર્તા છે. રાજુલા તાલુકાના લોઠપુર નજીક તૈયાર થનારા કોપર પ્લાન્ટ સામે આજે કોપર હટાવો સમિતિ દ્વારા રાજુલામાં રેલી કાઢી મામલતદારને આવેદન આપ્યું હતું અને આ કોપર પ્લાન્ટ બંધ રખાવવા રજૂઆત કરી હતી. લોઠપુરથી આ કોપર કંપની સામે રાજુલામાં આજે લુહાર સુથાર જ્ઞાતિની વાડીમાં બેઠકનું આયોજન કરવામા આવ્યુ હતું. જેમા રાજકીય આગેવાનો ઉપરાંત તખુભાઈ સાંડસુર, મહુવાના ભરતસિંહ વાળા, વિક્રમભાઈ ધાખડા, અમદાવાદના મૃદિતાબેન વિદ્રોહી, નિતાબેન વૈદ, મંગળુભાઈ ખુમાણ, જયદીપભાઈ ખુમાણ વિગેરે હાજર રહ્યા હતા અને અહી તૈયાર થનારા કોપર પ્લાન્ટના કારણે ફેલાનારા પ્રદૂષણ અને નુકસાન અંગે ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ તમામ લોકો રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને આવેદનપત્ર પાઠવી પ્લાન્ટ અંગેની સુનાવણી રદ કરવા માંગ કરી હતી. સુનાવણીમાં પોલીસ આવે છે અને બધાને ઉઠાવી લે છે તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. પ્લાન્ટથી આવનારી પેઢીને પણ નડે તે હદે પ્રદૂષણ ફેલાશે તેવી રજૂઆત કરી હતી.

પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરીયાએ જણાવ્યું હતું કે, આ પંથકની રજૂઆત સાચી છે. જો લોકો રજૂઆત કરવા ભેગા થાય તો પોલીસ તેમને ઉઠાવીને લઈ જાય છે. કોપર કંપનીને કારણે પ્રદૂષણ થાય છે જેથી પર્યાવરણ બચાવવા માટે આ આંદોલન ચાલી રહ્યુ છે.

### આંદોલનને જેની ઠુમ્મરનો ટેકો

અમરેલી લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે કોપર કંપનીની સ્થાપનાથી આ પંથકમાં પ્રદૂષણમાં વધારો થશે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના જનજીવન પર અસર થવાની છે. આ આંદોલનમાં છેલ્લાં શ્વાસ સુધી ઉભી રહીશ. આ લડાઈ આપણે સૌએ લડવાની છે અને છેક સુધી હું તમારી સાથે છું તેની હું ખાતરી આપુ છું.

# જુના જાંજરીયા ગામે લગ્નની વાત બીજી જગ્યાએ કરતાં યુવતીએ ઝેરી દવા પીધી

### યુવતીને તેના પ્રેમી સાથે લગ્ન કરવા હતા

બગસરા, તા.૩૦

બગસરાના જુના જાંજરીયા ગામે રહેતી એક યુવતીને તેના પ્રેમી સાથે લગ્ન કરવા હતા. પરંતુ માતા-પિતા બીજે લગ્નની વાત કરતા હતા જેથી લાગી આવતાં પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. આ બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, યુવતીને પ્રેમ સંબંધ હોય પ્રેમી સાથે લગ્ન કરવા હતા. પરંતુ માતા-પિતા બીજી જગ્યાએ લગ્નની વાતો કરતા હતા. જેથી તેને લાગી આવતાં ઘરે ઓસરીમાં પડેલી ખડમાં નાખવાની દવા પી લીધી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ – ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવત્તાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## સા. કુંડલા, લાઠી અને દામનગરમાં કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ

# નબળી નેતાગીરીને કારણે જિલ્લાનો વિકાસ રૂંધાયો : જેની ઠુમ્મર







અમરેલી,તા.૩૦

અમરેલી લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુમ્મર લોકસભા વિસ્તારનો પ્રવાસ કરી રહ્યાં છે. અમરેલી લોકસભા વિસ્તારમાં જેનીબેન ઠુમ્મર અમરેલી જિલ્લાનો યોગ્ય વિકાસ ન થયો હોવાનું જણાવી કેન્દ્ર સરકાર અને વર્તમાન સાંસદ પણ આકરા પ્રહારો કરી રહ્યાં છે. પ્રવાસના ભાગરૂપે જેનીબેન ઠુમ્મર રાજુલા-જાફરાબાદ પંથકમાં જનતાના આશીર્વાદ લેવા પહોચ્યા હતા. રાજુલા-જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચ્યા પછી જનતાને સંબોધતા જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, રાજુલા-જાફરાબાદ વિસ્તારનો જોઈએ તેવો વિકાસ થયો નથી અને આ વિસ્તારમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ત્યારે આ વિસ્તારને સારી સ્કૂલ-કોલેજ તથા હોસ્પિટલોની સારામાં સારી સુવિધા મળે તેવી મારી પ્રાથમિકતા રહેશે.

આ ઉપરાંત હું ચૂંટણી હારૂ કે જીતુ પરંતુ ૩૬ ગામોને પ્રભાવિત કરતી કોપર કંપનીના આંદોલનને મારો ટેકો છે. અને આ જન જનની લડત છે તેમાં હું પણ મારૂં યોગદાન આપીશ. આ વિસ્તારમાં ખેડૂતો અને માછીમારીનો વ્યવસાય કરતા લોકો માટે સરકાર વિકાસલક્ષી વિશેષ પેકેજ લાવે તેવી મારી માંગણી છે. ખેતી મોંઘી થઈ છે ત્યારે ખેડૂતોને ઉપજના વધુમાં વધુ ભાવ મળે તે માટે એમ.એસ.પી. લાગુ કરવામાં આવે અને સ્થાનિક કંપનીઓમાં ૭૦% સ્થાનિક યુવાનોને નોકરી આપવામાં આવે તેવી અમારી માંગણી છે. રાજુલા-જાફરબાદ પંથકમાં પ્રચાર કર્યા બાદ સાવરકુંડલા, લાઠી અને દામનગર ખાતે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. તેમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ કે મોંઘવારી અને બેકારીને કારણે અનેક લોકોને આત્મહત્યા કરવાની ફરજ પડે છે ત્યારે સરકારે મનરેગાના કામો તાત્કાલીક શરૂ કરવા જોઈએ જેથી લોકોને ઉનાળાના કપરા સમયમાં રોજગારી મળી શકે. સાવરકુંડલા, લાઠી, દામનગરથી લાંબા અંતરની પેસેન્જર ટ્રેનો શરૂ કરવામાં આવે અને અયોધ્યા, કાશી, ચારધામ યાત્રા તેમજ વંદે ભારત ટ્રેનને પણ આ રૂટ પર દોડાવવામાં આવે તેવી અમારી માંગણી છે. આ તકે ઉપસ્થિત કોંગ્રેસ આગેવાનોમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, આપના પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા, પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, ડી.કે.રૈયાણી, શંભુભાઈ દેસાઈ, અર્જુનભાઈ સોસા, કાંતિભાઈ સતાસીયા, ટીકુભાઈ વરૂ, જીતુભાઈ અડતાલાવાળા, ચંદ્રશભાઈ રવાણી, મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગર સહિત વિશાળ સંખ્યામાં બહેનો અને યુવાનો આ મિટિંગ અને ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## લીંબાણી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન




બગસરા,તા.૩૦

બગસરાનાં નવી હળિયાદ મુકામે લીંબાણી પરિવાર દ્વારા દાળમા દાદાની જગ્યામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન ૨૪થી ૩૦ એપ્રિલ સુધી કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન રાસ ગરબાની રમઝટ, કાનગોપીનાં કાર્યક્રમો, નાટકો તેમજ અનેક પ્રકારનાં અલગ અલગ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભાગવત સપ્તાહનું રસપાન સુરત નિવાસી શાસ્ત્રી જોગીદાદા પી. વ્યાસ દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ ભાગવત સપ્તાહ દરમિયાન મહિલાઓ, લોકો ભકિતના રંગે રંગાયા હતા.

## વડિયામાં ભાજપ લોકસભા ચૂંટણી કાર્યાલય કૌશિક વેકરીયા અને બાવકુ ઉંઘાડ દ્વારા ખુલ્લું મુકાયું

મુખ્ય બજારમાં સભા સંબોધી ભાજપના ઉમેદવારને જંગી લીડથી જીતાડવા કરાઈ અપીલ



વડીયા,તા.૩૦

સમગ્ર દેશમાં હાલ ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા મથક વડિયામાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં કાર્યાલયને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ દ્વારા રીબીન કાપી ખુલ્લું મુકાયું હતું. આ સાથે જ અહીં જંગી સભા યોજવામાં આવી હતી જેમાં બન્ને નેતાઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી સાથે જ ભરતભાઈ સુતરીયાને મત આપીને જંગી લીડ સાથે જીત અપાવવા અપીલ કરી હતી.

આ તકે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ, તાલુકા પંચાયત પ્રમુખ પુરુષોત્તમભાઈ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા સહિત મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## બાબરામાં શાહ પેટ્રોલ પંપ ચોકડી પાસેથી યુવક પાસેથી દારૂની ૨ બોટલ ઝડપાઈ


બાબરા, તા.૩૦


બાબરામાં શાહ પેટ્રોલ પંપ ચોકડી પાસેથી એક યુવક પાસેથી દારૂની ૨ બોટલ ઝડપાઈ હતી. અમરાપરામાં રહેતા યુવક પાસેથી આ જથ્થો ઝડપાયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે. ત્રણ બાળકો સહિત ૧૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો. ભેરાઈ, માંડળ, મોટા દેવળીયા ચેકપોસ્ટ તથા લીલીયા સિવિલપરા વિસ્તારમાંથી એક-એક મળી ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


### -:: જાહેર નોટીસ/સમન્સ ::-

**કોડીનારનાં નામદાર એડી સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.કોડીનાર**

રે.દી.મુ.નં.૧૪૨/૨૦૧૫

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા થ્રુ બ્રાંચ મેનેજર, હરમડીયા (તા.ગીરગઢડા)** .....વાદી

**-::વિરૂધ્ધ::-**

૨. ગુજ. જોધાભાઈ ગોવિંદભાઈ પરમાર ના મીલકત લેનાર વારસો
(૨) ઈલાબેન જોધાભાઈ પરમાર
રહે. આલીદર, તા.કોડીનાર.
(૩) પુષ્પાબેન જોધાભાઈ પરમાર
રહેવાસી. આલીદર, તા.કોડીનાર. ......પ્રતિવાદી

**બાબત : રૂા.૪,૦૮,૨૫૫/-ના આંક થી રકમ વસુલ લેવા બાબત.**
**વાદી વ.શ્રી જી.સી.અધ્યારૂ.**

આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે પ્રતીવાદી નં-૨ ગુજ.જોધાભાઈ ગોવિંદભાઈ પરમાર ના મીલકત લેનાર વારસો નં.૨(૨) તથા ૨(૩) ને જાણ કરવામાં આવે છે કે ઉપર લખ્યા વાદીએ રે.દી.મુ.નં.૧૪૨/૨૦૧૫ થી ઉપરોકત બાબત બદલ દાવો અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે, જેથી તમો પ્રતીવાદી નં.૨(૨) તથા ૨(૩) નાઓને આ જાહેર સમન્સથી આ ઉપર ફરમાવવામાં આવે છે કે, તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે અત્રેની કોર્ટમાં જાતે અથવા તેમના વકીલ મારફત હાજર રહેવું. ગેરહાજર રહયેથી સમન્સની જાહેર નોટીશ દ્વારા બજવણી થઈ ગયેલ હોય તેમ માની તમારી ગેરહાજરીમાં ફરીયાદ સાંભળીને તેનો એક તરફી નીકાલ કરવામાં આવશે અને આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી. આજે તારીખ : ૨૬ માહે. એપ્રિલ,સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ

કોડીનાર
તા.૨૬/૦૪/૨૦૨૪

| | | |
|---|---|---|
| **તૈયાર કરનાર** | (કોર્ટનો સિક્કો) **તપાસનાર** | **હુકમથી** |
| **સહિ** | **સહિ** | **સહિ** |
| **(આર.એ.ઝાલા)** | **(એચ.કે.રાઠોડ)** | **(એન.એન.પંડયા)** |
| **આસીસ્ટન્ટ** | **સુપ્રિટેન્ડેન્ટ** | **રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ કોડીનાર** |

### -// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //-

અપીલ રજી. નં.૬૯/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ચૌહાણ રફીકભાઈ અહેમદભાઈ
રહે.રંગીલા પાન સામે, જીવાપરાની બાજુમાં
દોસ્ત પાન વાળા, મીની કસ્બાવાડ, અમરેલી
તા.જી. અમરેલી મો. ૯૪૨૮૭ ૯૮૭૭૪

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી તા.જિ. અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના ચૌહાણ રફીકભાઈ અહેમદભાઈ તેઓનો બહેન ફરજાનાબેન અહેમદભાઈ ચૌહાણ જન્મ તા.૦૬/૦૫/૧૯૬૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com





એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

તંત્રી લેખ

# કલ્ચરલ ટૂરિઝમ સેન્ટર

સંસ્કાર ભારતી સંસ્થા માત્ર ભારતમાં જ નહીં પણ દેશ વિદેશમાં પણ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજે છે. તાજેતરમાં બાલોત્સવ ઉજવાયો હતો. ભારતના મોટાભાગના શહેરોમાં આ સંસ્થા દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અવિરત ચાલે છે. ભારતમાં એવા અનેક સ્થાનો છે જેને સાંસ્કૃતિક કેન્દ્રો તરીકે વિકસિત કરવા માટે સંસ્કાર ભારતીએ જે યોગદાન આપ્યું છે તે જેવું તેવું નથી. આવા સેન્ટરોને કલ્ચરલ ટૂરિઝમ સેન્ટર બનાવવામાં તેણે અગ્ર ભૂમિકા ભજવી છે જેમાં લલિત કલા, નૃત્ય સંગીતથી માંડી તમામ પ્રકારની યોગ સહિતની પ્રવૃત્તિઓ ભારતના કોઈપણ શહેરમાં કરી શકાય છે. આ સંસ્થાએ સાબિત કર્યું છે કે શહેરના કોઈપણ ખૂણાને પણ કલ્ચરલ સેન્ટર બનાવી શકાય તેમ છે. આપણા શહેરોમાં એવા અનેક વિસ્તારો છે જે સમયની સાથે ઉપેક્ષિત અને વેરાન થતા ગયા છે. આપણા દેશમાં આ પ્રકારના સ્થાનો ક્યાં તો કાનૂની લડાઈ હારી જાય છે કે તેમના પર કોઈ નિવાસી કે વ્યવસાયિક ઉપયોગ માટે કબજો કરી લેવાય છે. પછી તેને ભીમકાય ઈમારતોમાં તબદીલ કરી દેવાય છે. આ પ્રકારના સ્થળોમાં સામેલ છે, રજવાડાનાં સમયના જીર્ણ-શિર્ણ મહેલો, ભૂતિયા હોસ્પિટલ, નાના બગીચા કે રેલવેની બિનઉપયોગી સંપત્તિઓનો તેમાં સમાવેશ થાય છે. જોકે, સવાલ એ પેદા થાય છે કે આ સ્થાનોની શા માટે સારી રીતે જાળવણી કરવામાં ન આવે અને તેમને વારસાની જેમ સાચવવામાં ન આવે. કેટલાક આવા સ્થાનોનો ઉપયોગ પારંપરિક કથાવાચન, લોકનૃત્ય અને સંગીતની પ્રસ્તુતિ માટે કરી ના શકાય? તેને સમકાલીન કલાઓ માટે પણ એ હાંસિયા તરીકે વિકસિત કરી શકાય છે, પછી તે આંધ્ર-તેલંગાણાની બુર્રા કથા હોય કે રાજસ્થાનના કાવડિયા. જેનાથી ત્યાંના સ્થાનિક લોકોને આર્થિક ફાયદો થશે. પેરિસનું દૃષ્ટાંત જુઓ, જ્યાંની કુલ વસતીથી ૧૨૦ ટકા પ્રવાસી અહીં આવે છે અને તેને વિદેશીઓ પાસેથી જ વાર્ષિક ૧૨ અબજ ડોલરની કમાણી થાય છે. આ ફ્રાન્સની કુલ વિદેશી મુદ્રાની આવકનો લગભગ અડધો ભાગ છે. કલ્ચરલ-ટૂરિઝમમાં અઢળક સંભાવનાઓ છે અને તે કલા, નૃત્ય, સંગીત, વાંચનાલયના અસંખ્ય વિવિધ સ્વરૂપોને પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રોજગાર ઉપલબ્ધ કરાવી શકે છે. આપણે જોયું છે કે જો તેને સારી રીતે નીતિગત ટેકો મળે તો સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપની કલ્ચરલ-ટૂરિઝમના સેક્ટરમાં અઢળક સંભાવનાઓ છે અને તે કળા, નૃત્ય, સંગીત, રીડિંગ એરિયાના અસંખ્ય વિવિધ સ્વરૂપોને રોજગાર ઉપલબ્ધ કરાવી શકે છે. દેશ-દુનિયામાં તેનાં અનેક સફળ ઉદાહરણ છે. આવા સ્થાનોને થિન્ક ટેન્ક અને કલ્ચરલ- ગેટકીપર્સ તરીકે પણ વિકસિત કરી શકાય છે - જેમકે નવી દિલ્હીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર અને મુંબઈમાં નેશનલ સેન્ટર ફોર ધ પરર્ફોમિંગ આર્ટિસ. દિલ્હીની સુંદર નર્સરીનું જ ઉદાહરણ જુઓ. અહીં ૯૦ એકરની જમીનને એક વનસ્પતિ-ઉદ્યાનનું સ્વરૂપ અપાયું છે- એક બાગાયતી સ્વર્ગ, જેમાં મોગલ યુગની ૬ ઈમારતો છે. આજે આ શાંતિનું સ્થાન બની ગયું છે. મુંબઈના કાલાઘોડા વિસ્તારનું ઉદાહરણ જુઓ, જે ૧૯૯૮ પછી કળા, ફેશન અને પ્રતિષ્ઠિત સમારોહ-ઉત્સવો માટે નેબરહૂડ બનેલું છે. વિદેશોમાં પેરિસનું શાંજલિજે કે ઈસ્તંબુલનું ઈસ્તીકલ એવેન્યુ આવા પ્રકારના ખાનગી-જાહેર સંસ્કૃતિ કેન્દ્રો છે, જે પગપાળા યાત્રીઓ, કલાકારો અને ફિલ્મ સમારોહને પોતાની તરફ આકર્ષે છે. ભારતમાં તો આવા અસંખ્ય સ્થળો છે જેનો આ રીતે પુનરોદ્ધાર કરી શકાય છે, પછી તે કોવલમની મિન્ટ બિલ્ડિંગ હોય કે નવી દિલ્હીના જામા મસ્જિદ વિસ્તારની વેરાન સ્કૂલ. નાગપુરના ગોંડ કિલ્લામાં આવેલી મોટાભાગની હેરિટેજ-સાઈટ્સ આજે બરબાદ થઈ ગઈ છે, જેમાંથી કેટલીક તો ૧૩મી સદીની છે. હૈદરાબાદમાં માહ લકા બાઈના મોન્યુમેન્ટ અંગે વિચારો. કવયિત્રી અને નગરવધૂ માહ લકા બાઈ માટે આ ઈમારત ૧૮મી સદીમાં બનાવાઈ હતી. આજે ભારત એક વિકાસશીલ દેશ તરીકે પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે ત્યારે આપણે ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીએ અને તેમને કલાના કાયમી આશ્રયસ્થાન સ્વરૂપમાં પરિવર્તિત કરીએ.

# જિલ્લામાં મતદાનની ટકાવારી વધારવા ચૂંટણી પંચ દ્વારા વિવિધ કાર્યક્રમો

અમરેલી, તા.૩૦

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્રએ મતદારોને જાગૃત કરવા વિવિધ પ્રવૃત્તિ શરુ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પોતે મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. રાજુલા તાલુકા ખાતે માર્કેટિંગ યાર્ડ તેમજ બસ સ્ટેન્ડ ખાતે ફ્લેશ મોબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, મતદાન જાગૃતિ નાટક કાર્યક્રમ, સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સેલ્ફી પોઈન્ટ તેમજ મતદારોને મોબાઈલ ફ્લેશ શપથ લેવડાવવામાં આવ્યા હતા. ધારી તાલુકાના અમૃતપુર, રામપુર, સાવરકુંડલાના દોલતી, ભમ્મર, લીલીયા તાલુકાના કણકોટ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમરેલી સ્થિત સ્માર્ટ બજાર ખાતે ચૂંટણી ફરજ પરના અધિકારીઓના અધ્યક્ષસ્થાને ફ્લેશ મોબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીમાં રન ફોર વોટ કાર્યક્રમમાં શહેરના મુખ્ય માર્ગો પરથી રેલી પસાર થશે. મતદાન જાગૃતિ અન્વયે કબડ્ડી ટૂર્નામેન્ટ યોજાશે. ખાંભા-રાજુલાના ભાણિયા, ગીદરડી, ભેરાઈ અને વાવડી ગામે શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવી અન્ય નાગરિકોને પણ મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



### મતદાન માટે રજા ન મળે તો અહીં કરો ફોન

અમરેલી જિલ્લામાં નોંધાયેલ સંસ્થાઓના સ્થળાંતરીત શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી અને કોઈ પણ શ્રમયોગીને મતદાનના દિવસે મતદાન કરવા જવા દેવામાં ન આવે તો કંટ્રોલરૂમના ટેલિફોન નં.૦૨૭૯૨-૨૨૨૮૯૯ ઉપર ફરિયાદ કરી શકશે અથવા કંટ્રોલરૂમ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, સી-૧૧૩, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૨, અમરેલી ખાતે રૂબરૂ ફરિયાદ કરી શકશે.

# બગસરામાં લગ્ન માટે યોગ્ય પાત્ર ન મળતાં યુવકે ગળાફાંસો ખાધો

## દામનગરમાં ગળાફાંસો ખાનાર યુવતીનું સારવાર દરમિયાન મોત

બગસરા, તા.૩૦

બગસરામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. એક યુવકને લગ્ન માટે યોગ્ય પાત્ર મળતું ન હોવાથી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે અનુબેન લાલજીભાઈ ડુંબાળીયા (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર સંજયભાઈ લાલજીભાઈ ડુંબાળીયા (ઉ.વ.૨૫) ઘણા સમયથી લગ્ન કરવાનું કહેતો હતો. લગ્ન માટે યોગ્ય પાત્ર મળતું ન હોવાથી આ બાબતે લાગી આવતા પોતાની મેળે મકાનમાં આવેલ છતના હુકમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. જે.બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે. દામનગરમાં રહેતી એક યુવતીએ પાંચ દિવસ પહેલા ગળાફાંસો ખાધા બાદ તેને સારવારમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું સારવારમાં મોત થયું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.વી. મજીઠીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના વલારડી ગામે દારૂ પીને યુવક પરિણીતાને મારવા દોડતાં ફિનાઈલ પીધું

## મગજમાં સતત બનાવ ભમ્યા કરતો હોવાથી પગલું ભર્યું

બાબરા, તા.૩૦

બાબરાના વલારડી ગામે રહેતી એક પરિણીતાને ગામનો જ યુવક દારૂ પીધેલી હાલતમાં લાકડી લઈને મારવા દોડ્યો હતો. જેથી મગજમાં સતત આ બનાવ ઘુમ્યા કરતો હોવાથી ફિનાઈલ પી લીધું હતું. બનાવ અંગે અંજલીબેન રાહુલભાઈ હલૈયા (ઉ.વ.૨૫) એ મહેશભાઈ કરશનભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ છ વાગે બજાર વાળતા હતા ત્યારે આરોપી દારૂ પીધેલી હાલતમાં આવીને બોલાચાલી કરવા લાગ્યો અને મારવા દોડ્યો હતો. આ બનાવ સતત તેમના મગજમાં ભમ્યા કરતો હોવાથી પોતાની મેળે ફિનાઈલ પી લીધું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત છાશ વિતરણ

દામનગર, તા.૩૦

દામનગર શક્તિપીઠ ગાયત્રી મંદિર ખાતે વિવિધ સંસ્થાઓના સંકલનથી ચાલતા છાશ કેન્દ્રમાં દૈનિક ૫૦૦ પરિવારના ૧૮૦૦ જેટલા વ્યક્તિઓને વિનામૂલ્યે છાશ વિતરણ કરાય છે. ઉનાળાનું અમૃત ગણાતી છાશ દૈનિક વહેલી સવારે ૬-૦૦ કલાક થી ૭-૦૦ કલાક દરમ્યાન ૫૦૦ જેટલા પરિવારોના ૧૮૦૦ જેટલા વ્યક્તિઓને મળી રહે તે માટે જીવદયા નંદી સેવા ટ્રસ્ટ, શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ, અનસૂયા ક્ષુધાકેન્દ્ર ટ્રસ્ટ, પટેલ પ્રગતિ મંડળ, સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર સહિતની સંસ્થા અને દાતાઓ સતત કામગીરી કરી રહ્યા છે.



# ખાંભા ગામે ભાવરડી રોડ પર વાડીએથી બાઈક ચોરાઈ

ખાંભા, તા.૩૦

ખાંભા ગામે ભાવરડી રોડ ઉપર કાળીયા પીરની દરગાહની બાજુમાં આવેલી વાડીએ એક ખેડૂત નિરણ લેવા આવ્યો હતો, ત્યારે તેની બાઈક ચોરાઈ હતી. આ અંગે મંગળુભાઈ બાલાભાઈ કારેટા (ઉ.વ.૪૫) એ સુત્રાપાડાના દિનેશભાઈ હીરાભાઈ જેઠવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના હવાલાવાળું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ લઈ વાડી ખેતરે નિરણ લેવા ગયા હતા. તે દરમિયાન આરોપી તેમનું મોટર સાયકલ ચોરીને લઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૯૨ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૦૯ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૬૯૦ | ૭૬૩ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૭૦ | ૪૪૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૪૧૫ |
| ચણા પીળા | ૧૧૨૫ | ૧૨૪૩ |
| ચણા સફેદ | ૧૪૯૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૯૬૬ |
| મગ | ૧૪૦૦ | ૧૮૫૫ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૯૫૦ |
| વાલ પાપડી | ૧૫૦૦ | ૨૦૦૫ |
| મઠ | ૧૦૪૦ | ૧૨૧૦ |
| વટાણા | ૧૫૫૦ | ૧૮૧૮ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૬૮૦ |
| મગફળી જાડી | ૧૧૦૫ | ૧૩૦૭ |
| મગફળી જીણી | ૧૧૧૧ | ૧૨૪૪ |
| તલી | ૨૩૫૦ | ૨૬૫૦ |
| સુરજમુખી | ૬૨૫ | ૭૦૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૭૭ |
| અજમો | ૨૦૦૦ | ૨૫૨૭ |
| સુવા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૪૪ | ૮૮૩ |
| સીંગફાડા | ૧૦૯૦ | ૧૫૭૫ |
| કાળા તલ | ૨૭૭૦ | ૩૨૫૦ |
| લસણ | ૧૩૫૦ | ૩૨૨૫ |
| ધાણા | ૧૧૮૦ | ૧૭૫૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૦૦૨ |
| વરીયાળી | ૯૨૦ | ૧૬૩૦ |
| જીરૂ | ૩,૮૫૦ | ૪,૪૯૦ |
| રાય | ૧૦૦૦ | ૧,૩૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૩૨ |
| અશેરીયો | ૨૦૦૭ | ૨૦૦૭ |
| કલોંજી | ૩૭૦૦ | ૩૯૯૦ |
| રાયડો | ૯૦૦ | ૯૮૧ |

| | | |
|---|---|---|
| રજકાનું બી | ૩૪૫૦ | ૩૭૭૫ |
| ગુવારનું બી | ૯૭૦ | ૧૦૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| શક્કરટેટી | ૨૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૯૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૭૫ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૬૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૧૦૩૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૩૦ |
| કારેલા | ૩૦૦ | ૫૮૦ |
| સરગવો | ૨૨૦ | ૪૧૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૯૫૦ |
| કાકડી | ૧૫૦ | ૩૮૦ |
| ગાજર | ૧૪૦ | ૨૫૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૧૬૦ | ૩૦૦ |
| બીટ | ૧૪૦ | ૨૫૦ |
| મેથી | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૩૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૧૮૦૦ | ૩૬૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૪૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૫૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૫૨ | ૧૫૨૫ |
| શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૧૯૮ |
| શિંગ મોટી | ૯૬૧ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| શિંગ ફાડા | ૧૪૫૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૨૨૦૫ | ૨૭૭૫ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૦૫૫ |
| તલ કાશ્મીરી | ૩૧૪૦ | ૩૧૪૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૮ |
| જુવાર | ૪૦૦ | ૭૪૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૯૯ |
| ઘઉં લોકવન | ૪૬૪ | ૬૦૪ |
| ચણા | ૯૨૦ | ૧૨૪૫ |
| ચણા દેશી | ૧૧૧૫ | ૧૨૮૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૦૭૧ |
| એરંડા | ૮૫૦ | ૧૦૫૭ |
| જીરું | ૨,૬૪૦ | ૪,૨૮૦ |
| રાયડો | ૮૬૦ | ૯૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૭૦ |
| ધાણી | ૧૪૨૫ | ૨૦૮૦ |
| અજમા | ૧૨૧૦ | ૨૪૫૦ |
| મેથી | ૮૨૦ | ૯૫૧ |
| સોયાબીન | ૮૧૮ | ૮૭૦ |
| મરચા લાંબા | ૬૪૦ | ૩૯૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૧૦ |
| શક્કરિયા | ૩૨૦ | ૪૨૦ |
| ટામેટા | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૨૦ | ૨૨૦ |
| ગુવાર | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૪૩૦ | ૧૬૩૦ |
| ચોળાશીંગ | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| પાકી કેરી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાચી કેરી | ૭૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૪૧૦ | ૫૧૦ |
| આદુ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૧૦ | ૬૧૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૫૫૦ |
| બીટ | ૧૬૦ | ૨૧૦ |
| ગરમર | ૫૨૦ | ૭૨૦ |
| સરગવો | ૩૨૦ | ૪૨૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૦૦૦ |
| લસણ સૂકું | ૧૪૦૦ | ૨૮૦૦ |
| મકાઇ | ૩૧૦ | ૪૧૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૮૨ | ૧૩૨૫ |
| મગફળી ૩૨ નં. | ૧૧૪૨ | ૧૨૬૧ |
| બાજરો | ૪૨૧ | ૫૨૯ |
| ઘઉં | ૪૪૦ | ૫૬૧ |
| રાઇ | ૧૧૦૦ | ૧૨૨૩ |
| રાયડો | ૯૦૦ | ૧૦૦૧ |
| મેથી | ૯૦૦ | ૧૦૪૪ |
| જુવાર | ૬૦૦ | ૭૬૨ |
| અડદ | ૧૪૦૦ | ૧૯૩૨ |
| મગ | ૧૬૦૦ | ૧૯૫૬ |
| એરંડા | ૯૫૦ | ૧૦૭૯ |
| ચણા | ૧૦૧૧ | ૧૨૩૮ |
| તલ | ૨૨૦૦ | ૨૫૬૦ |
| તલ કાળા | ૨૭૫૦ | ૩૧૨૨ |
| સોયાબીન | ૭૫૦ | ૮૯૨ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૯૮ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૨૦૦ | ૧૩૧૭ |
| એરંડા | ૮૦૦ | ૧૦૭૪ |
| જુવાર | ૩૮૦ | ૯૨૧ |
| બાજરી | ૩૮૦ | ૫૪૧ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૪૧૩ | ૮૨૧ |
| રાય | ૧૦૨૪ | ૧૦૨૪ |
| મગ | ૧૭૯૨ | ૧૮૫૦ |
| સોયાબીન | ૩૫૦ | ૮૪૭ |
| ચણા દેશી | ૧૩૧૨ | ૧૪૨૨ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૩૭ |
| તલ સફેદ | ૨૩૮૫ | ૨૯૮૦ |
| તલ કાળા | ૨૯૮૦ | ૨૯૮૦ |
| તુવેર | ૧૭૧૦ | ૧૭૧૦ |
| મેથી | ૮૮૫ | ૮૮૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૦૯ |
| ડુંગળી સફેદ | ૨૦૫ | ૨૮૧ |
| નાળિયેર | ૪૫૧ | ૧૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૬ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૪૧૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૬૫૧ |
| એરંડા/એરંડી | ૭૦૦ | ૧૧૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૮૧ |
| કલંજી | ૧૫૦૦ | ૩૮૯૧ |
| વરીયાળી | ૭૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૨૧ |
| મરચા સૂકા પટ્ટો | ૬૫૧ | ૬૮૦૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૬ |
| અડદ | ૯૨૧ | ૧૭૬૧ |
| મઠ | ૯૯૧ | ૧૦૬૧ |
| તુવેર | ૧૧૭૧ | ૨૩૪૧ |
| રાયડો | ૯૬૧ | ૯૭૧ |
| રાય | ૧૧૧૧ | ૧૧૧૧ |
| મેથી | ૫૭૬ | ૧૩૫૧ |
| કાંગ | ૮૦૧ | ૯૯૬ |
| મરચા | ૭૦૧ | ૩૭૦૧ |
| મગફળી જાડી | ૮૬૧ | ૧૩૫૬ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૧૯૧ |
| તલ – તલી | ૨૦૦૧ | ૨૬૨૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૦૨૬ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૨૫૬ |
| બાજરો | ૩૯૧ | ૪૮૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૪૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૮૧ |
| મગ | ૯૦૧ | ૧૯૮૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૬ |
| વાલ | ૫૦૧ | ૧૯૨૬ |
| ચોળા / ચોળી | ૭૭૬ | ૩૦૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૧ |
| અરીઠા | ૮૨૧ | ૮૮૧ |
| કળથી | ૬૨૬ | ૧૫૦૧ |
| વટાણા | ૬૦૧ | ૧૩૦૧ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૨૧ |
| મગફળી જાડી | ૮૫૫ | ૧૨૨૭ |
| મગફળી નવી | ૧૧૭૦ | ૧૪૮૪ |
| તલ | ૨૬૩૧ | ૨૬૪૦ |
| જીરૂ | ૨,૩૦૦ | ૪,૩૦૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૬ |
| બાજરો | ૪૦૦ | ૫૧૪ |
| જુવાર | ૪૮૬ | ૬૭૦ |
| મગ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મકાઇ | ૪૭૬ | ૪૭૬ |
| ચણા | ૧૧૨૫ | ૧૨૪૧ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૦૮૭ |
| ધાણા | ૧૧૫૧ | ૧૪૪૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૪ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ | ૨૨૦૦ | ૨૫૦૧ |
| તલ પીળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| બાજરો | ૪૨૫ | ૫૩૯ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૬ |
| જુવાર | ૪૨૧ | ૭૬૦ |
| મકાઈ | ૪૭૧ | ૪૭૧ |
| મેથી | ૧૦૬૦ | ૧૨૨૬ |
| તુવેર | ૧૩૫૦ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૯૨ | ૧૨૨૭ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| અજમો | ૨૨૨૫ | ૨૨૨૫ |
| સુવા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| રાઈ | ૯૦૧ | ૯૦૧ |
| ધાણા | ૨૧૦૧ | ૨૧૦૧ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ઘઉં | ૪૨૫ | ૫૦૭ |
| ચણા | ૧૧૧૧ | ૧૧૭૦ |
| તુવેર | ૧૦૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| એરંડા | ૧૦૪૨ | ૧૦૪૯ |
| સીંગફાડા | ૧૩૬૫ | ૧૩૬૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૩ | ૧૪૯૨ |
| ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૩૨ |
| જુવાર પીળી | ૪૧૧ | ૪૧૧ |
| તલ સફેદ | ૨૭૬૧ | ૨૭૬૧ |
| સોયાબીન | ૮૦૬ | ૮૦૬ |
| તુવેર | ૧૫૭૫ | ૨૦૦૦ |
| એરંડા | ૮૫૦ | ૮૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૮૫૦ | ૧૧૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| તલ | ૧૮૦૦ | ૨૪૬૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૮૦૦ | ૯૧૯ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ચણા | ૯૧૫ | ૧૧૮૦ |
| ધાણા | ૮૫૩ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| ચણા છોલે | ૧૭૦૦ | ૧૯૩૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૮૧ |
| ઘઉં લોકવન | ૩૫૪ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૪૯૭ |
| મેથી | ૮૭૯ | ૯૬૦ |
| લસણ | ૫૦૦ | ૫૧૦ |
| મકાઇ | ૫૧૦ | ૫૨૫ |
| તુવેર | ૧૨૧૫ | ૧૭૮૫ |
| જુવાર | ૪૦૦ | ૫૭૧ |
| સુરજમુખી | ૩૦૦ | ૩૧૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૭૦ | ૪૬૫ |
| ઘઉં | ૩૯૦ | ૫૪૧ |
| મગ | ૧૫૦૦ | ૧૬૧૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૨૦ |
| વાલ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૭૫૦ | ૧૧૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૦૮૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૯ |
| રાયડો | ૮૪૦ | ૧૦૦૩ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| લસણ | ૧૦૫૦ | ૨૯૦૦ |
| જીરૂ | ૨,૬૦૦ | ૪,૬૦૦ |
| અજમો | ૨૨૫૦ | ૩૦૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ડુંગળી સૂકી | ૫૫ | ૨૬૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |
| રાજમા | ૮૪૦ | ૧૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૦૨ | ૧૫૨૮ |
| મગફળી | ૧૧૪૩ | ૧૧૫૭ |
| ઘઉં | ૪૬૮ | ૫૬૨ |
| ચણા | ૧૧૪૮ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૭૬૦ | ૪,૪૪૦ |
| મેથી | ૯૧૦ | ૯૩૦ |
| એરંડા | ૧૦૩૧ | ૧૦૫૯ |





"છપ્પન ઈંચ" : - ખરાબ હવા


# ગુજરાત મહારાષ્ટ્રથી આગળ નીકળી ગયું.......



આજે ગુજરાતનો સ્થાપના દિન છે.

૧ મેએ ગુજરાતની સાથે સાથે મહારાષ્ટ્રનો પણ સ્થાપના દિવસ છે. દેશનાં બે સૌથી સમૃધ્ધ અને સૌથી વિકસિત એવાં બે રાજ્યો એક સાથે ૧ મે, ૧૯૬૦ના રોજ અસ્તિત્વમાં આવ્યાં હતાં. એ પહેલાં મહારાષ્ટ્ર અને ગુજરાત બંને મુંબઈ સ્ટેટનો હિસ્સો હતા. મુંબઈ સ્ટેટનું વિભાજન કરીને ભાષાના આધારે બે નવાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં તેમાંથી એક મહારાષ્ટ્ર કહેવાયું અને બીજું ગુજરાત બન્યું. ગુજરાત અને મહારાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યાં એ પહેલાં બંને રાજ્યોની રચના માટે ઉગ્ર આંદોલનો થયેલાં અને મોટી સંખ્યામાં લોકો મરાયાં હતાં. જવાહરલાલ નહેરૂ સરકારે જસ્ટિસ ફઝલ અલીના વડપણ હેઠળ રાજ્યોની પુનર્રચના માટે સ્ટેટ રિઓર્ગેનાઈઝેશન કમિશન રચેલું.

આ કમિશને ૧૯૫૫માં રાજ્યોની પુનઃરચના માટેનો અહેવાલ રજૂ કર્યો તેમાં ભાષાના આધારે રાજ્યો રચવાનો સિધ્ધાંત સ્વીકાર્યો હતો. તેના કારણે દક્ષિણ ભારત સહિત સમગ્ર દેશમાં અલગ અલગ ભાષાનાં લોકો માટે અલગ અલગ રાજ્યો બન્યાં પણ મુંબઈ રાજ્યને ગુજરાતીભાષી તથા મરાઠીભાષી એમ બે બે ભાષા બોલતાં લોકો રહેતાં હોય એવું દ્વિભાષી રાજ્ય રાખવાનું સૂચન કરાયું હતું. આ સૂચનના કારણે ગુજરાતીભાષી તથા મરાઠીભાષી એમ બંને પ્રજા ભડકી અને સંયુક્ત મહારાષ્ટ્ર તથા મહાગુજરાત આંદોલન શરૂ થયાં. ૧૯૫૬માં શરૂ થયેલું આ આંદોલન લગભગ પાંચ વર્ષ ચાલ્યું. ભારે રાજકીય દાવપેચ થયા, મમતના ખેલ ખેલાયા પણ અંતે તેનું પરિણામ ગુજરાત અને મહારાષ્ટ્ર એ બે રાજ્યોની રચનામાં આવ્યું.

મહારાષ્ટ્ર અને ગુજરાત સ્થાપનાનાં ૬૫ વર્ષ આજે પૂરાં કરી રહ્યાં છે ત્યારે બેમાંથી કોણ આગળ નીકળી ગયું છે ?

થોડીક સરખામણી કરી લઈએ.

■■■

મહારાષ્ટ્ર કરતાં ગુજરાત આજે વધારે સમૃધ્ધ છે. વસતી અને ક્ષેત્રફળ બંને પ્રમાણે મહારાષ્ટ્ર ગુજરાત કરતાં લગભગ દોઢું છે. મહારાષ્ટ્રનું ક્ષેત્રફળ લગભગ ૩.૦૭ લાખ ચોરસ કિલોમીટર છે તેની સામે ગુજરાતનું કુલ ક્ષેત્રફળ ૧.૯૬ લાખ ચોરસ કિલોમીટર છે. મહારાષ્ટ્રની વસતી લગભગ ૧૨ કરોડ છે જ્યારે ગુજરાતની વસતી ૭ કરોડની આસપાસ છે.

મહારાષ્ટ્રનું ક્ષેત્રફળ અને ગુજરાતથી વધારે છે એ મુદ્દો મહત્વનો નથી કેમ કે સમૃધ્ધિ વસતી કે ક્ષેત્રફળને આધારે નહીં પણ સ્ટેટ ગ્રોસ કેપિટલ પ્રોડક્ટ્સ (એસજીડીપી) અને પર કેપિટા ઈનકમ (માથાદીઠ આવક)ના આધારે નક્કી થાય છે.

અત્યારે ભારતમાં રાજ્યોમાં મહારાષ્ટ્રની સ્ટેટ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ સૌથી વધારે છે. મહારાષ્ટ્રની સ્ટેટ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ ૩૯.૭૯ લાખ કરોડ રૂપિયા છે તેથી મહારાષ્ટ્ર આર્થિક રીતે નંબર વન છે. બીજા નંબરે ૨૮.૩ લાખ કરોડ રૂપિયાની સ્ટેટ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ સાથે તમિલનાડુ છે જ્યારે ત્રીજા નંબરે ૨૫.૬૨ લાખ કરોડ રૂપિયાની સ્ટેટ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ સાથે ગુજરાત છે. ગુજરાત કરતાં મહારાષ્ટ્રની જીએસડીપી લગભગ ૬૦ ટકા વધારે છે પણ માથાદીઠ આવકની રીતે ગુજરાત ઘણું આગળ છે.

ભારત સરકારના આંકડા પ્રમાણે, ૨૦૨૧-૨૨ના મહારાષ્ટ્રમાં માથાદીઠ આવક ૨.૧૫ લાખ રૂપિયા હતી જ્યારે ગુજરાતની માથાદીઠ આવક ૨.૪૧ લાખ રૂપિયા હતી એ જોતાં ગુજરાત વધારે સધ્ધર અને સમૃધ્ધ છે. ગુજરાત ભારતના વિકસિત રાજ્યોમાંનુ એક છે અને તેનો ઔદ્યોગિક વિકાસ દર સમગ્ર ભારતમાં સૌથી વધારે છે અને ભારતના સરેરાશ વિકાસદર કરતાં પણ ઘણો વધારે છે. તેના કારણે ગુજરાત વધુ સધ્ધર છે અને ભવિષ્યમાં મહારાષ્ટ્રને ઓવરટેઈક કરી શકે છે.

મહારાષ્ટ્ર પાસે બોલીવુડ છે, દેશની મોટા ભાગની કોર્પોરેટ કંપનીઓના હેડક્વાર્ટર હોવા છતાં માથાદીઠ આવકમાં મહારાષ્ટ્ર પાછળ રહી ગયું તેનું કારણ એ છે કે, મહારાષ્ટ્રના ગણતરીના શહેરોને બાદ કરતાં જોરદાર વિકાસ થયો નથી જ્યારે ગુજરાતમાં સર્વાંગી વિકાસ થયો છે. મહારાષ્ટ્રમાં મુંબઈ, પૂણે જેવાં શહેરોને બાદ કરતાં બાકી બધે સમસ્યાઓ જ સમસ્યાઓ છે. ખેડૂતોએ આપઘાત કરવા પડે છે ને આંદોલનો કરવાં પડે છે. ગુજરાતમાં એવી સ્થિતિ નથી. મહારાષ્ટ્ર ૧ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાનું લક્ષ્ય પાર પાડનારું પહેલું રાજ્ય બની શકે છે પણ તેનો વિકાસ બધા જ લોકોને લાભ કરાવે એવો નથી.

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

■■■

ગુજરાત અને મહારાષ્ટ્ર ભૌગોલિક રીતે ભલે અલગ થયાં પણ બંને રાજ્યો હજુય એકબીજાનાં પૂરક છે. મહાગુજરાત અને મહારાષ્ટ્રના આંદોલન વખતે મરાઠીભાષી કે ગુજરાતીઓને હિંસાનો ભોગ નહોતા બનાવાયા ને એ સ્થિતી આજે પણ છે. દેશના બીજાં વિસ્તારોમાં ભાષાકીય આધારે રાજ્યોની માગણી સમયે બીજી ભાષા બોલનારા લોકોને નિશાન બનાવીને હિંસા થઈ હતી પણ ગુજરાત કે મહારાષ્ટ્રમાં આંદોલન સમયે એવું કશું ના થયું.

દેશના બીજા ભાગ્યોમાં નવા રાજ્યોની રચના પછી પ્રજાએ મોટા પ્રમાણમાં સ્થળાંતર કર્યું પણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં એવું ના થયું. ગુજરાતના વિસ્તારોમાં રહેતા મરાઠીભાષી ગુજરાતમાં જ રહ્યા ને ગુજરાતીઓ મહારાષ્ટ્રમાં જ રહ્યા. મુંબઈ અને પૂણેમાં મોટા પ્રમાણમાં ગુજરાતીઓ રહેતા હતા એ બધા મહારાષ્ટ્રમાં જ રહ્યા ને સુરત તથા વડોદરામાં રહેતી મરાઠીભાષીઓની વસતી પણ ગુજરાતમાં જ રહી. ના મહારાષ્ટ્રમાં કોઈએ ગુજરાતીઓને પરેશાન કર્યા કે ના ગુજરાતમાં મરાઠીભાષીઓને નિશાન બનાવાયા.

મહારાષ્ટ્રમાં મુંબઈ પછી પૂણે એવું બીજું શહેર છે કે જ્યાં ગુજરાતી મોટા પ્રમાણમાં રહેતા હોય. મહારાષ્ટ્રમાં મુંબઈ અને પૂણે છે તો ગુજરાતમાં સુરત અને વડોદરા છે. સુરત મહારાષ્ટ્રની નજીક છે તેથી બંને રાજ્યો અલગ નહોતાં થયાં ત્યારે લાખોની સંખ્યામાં લોકો અહીં આવ્યા ને પછી સુરતમાં જ વસી ગયા. સુરતમાં આજે કુલ વસતીમાં ૨૫ ટકાની આસપાસ વસતી મરાઠીભાષીઓની છે.

લિંબાયત, ઉધના, ડિંડોલી વગેરે વિસ્તારો મરાઠીઓની બહુમતી ધરાવતા વિસ્તારો છે. આ વિસ્તારમાં મરાઠી અને ગુજરાતી પ્રજા એ હદે એકબીજા સાથે ભળેલી છેકે કોઈ ભેદ જ ના પાડી શકાય. ગુજરાતમાં સુરત પછી વડોદરા એવું બીજું મોટું શહેર છે કે જ્યાં મરાઠીભાષી મોટા પ્રમાણમાં રહેતા હોય. વડોદરા એક સમયે ગાયકવાડ વંશની રાજધાની હતી તેના કારણે મોટી સંખ્યામાં મરાઠીભાષી વડોદરામાં આવીને વસ્યા. તેમની પેઢીઓ પણ વડોદરામાં જ સ્થાયી થઈ ને આજે વડોદરા પણ નોંધપાત્ર મરાઠીભાષીઓની વસતી ધરાવે છે. આ ચારેય શહેરો ગુજરાતી અને મરાઠીભાષીઓની ભેદરેખાને નાબૂદ કરતાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ચારેય શહેરોનું જનજીવન અને અર્થતંત્ર મરાઠીભાષી અને ગુજરાતી પ્રજાની સંયુક્ત મહેનતથી ચાલે છે.

■■■

ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતી કડી મુંબઈ હતી અને આ કડી કદી તૂટી નહીં. મુંબઈનું અર્થતંત્ર આખું ગુજરાતીઓ અને મરાઠીભાષીઓની સંયુક્ત તાકાતના કારણે ધિંગું બન્યું. ફિલ્મ ઈન્ડસ્ટ્રી હોય કે માર્કેટ હોય પણ બંને પ્રજા સાથે જોવા મળે છે. કોઈ પણ પ્રકારની કડવાશ કે ભેદભાવ વિના બંનેએ સહઅસ્તિત્વને સહજતાથી સ્વીકારી લીધું છે.

મુંબઈમાં ભાગ્યે જ એવો ગુજરાતી મળશે કે જેને મરાઠી ના આવડતી હોય. મુંબઈમાં બહુ ઓછા મરાઠીભાષી પણ એવા હશે કે જેમને ગુજરાતી ના આવડતી હોય. મુંબઈમાં ગુજરાતીઓ તથા મરાઠીભાષીઓ એકબીજા સાથે હળીમળીને રહે છે એવો સદભાવ દેશમાં બીજા કોઈ શહેરમાં બે અલગ અલગ ભાષાનાં લોકો વચ્ચે જોવા નથી મળતો. ભાષા જ નહીં પણ પરસ્પર એકબીજાની આદતો કે જીવનશૈલીને પણ બંનેએ બહુ સહજતાથી સ્વીકાર્યા છે. બંને પ્રજાએ એકબીજાની સારી વાતોને સહજતાથી સ્વીકારી લીધી હોય, આજે બંને પ્રજાને તેના વિના ચાલતું નથી. મરાઠીભાષી લોકોમાં પ્રિય મુંબઈના વડાપાઉંને ગુજરાતીઓએ સહજતાથી અપનાવ્યા છે ને આજે એ બંને પ્રજાના છે. ગુજરાતી થેપલાં, ઢોકળાંને મરાઠીભાષીઓએ એટલી સહજતાથી અપનાવ્યા છે ને અત્યારે બંને પ્રજા હોંશથી આરોગે છે.

■■■

હિંદુત્વની વિચારધારાએ પણ ગુજરાત અને મહારાષ્ટ્રને એક રાખ્યાં છે.

ગુજરાત મૂળ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ અને કર્મભૂમિ હતી તેથી આઝાદી પહેલાંથી કોંગ્રેસનો પ્રબળ પ્રભાવ રહ્યો. બીજી તરફ મહારાષ્ટ્ર હિંદુત્વની વિચારધારાને પ્રબળ બનાવનારું રાજ્ય છે. લોકમાન્ય ટિળકે દેશની આઝાદીની લડત વખતે ગણેશોત્સવ શરૂ કરાવ્યા હતા. મહારાષ્ટ્રમાં આ ગણેશોત્સવ અત્યંત લોકપ્રિય થયા ને મહારાષ્ટ્રની તો ઓળખ જ બની ગયા. મહારાષ્ટ્ર મૂળે છત્રપતિ શિવાજી મહારાજની જન્મભૂમિ છે તેથી હિંદુત્વનો પ્રભાવ હતો જ. લોકમાન્ય ટિળકે તેને ફરી જીવંત કર્યો ને તેમાંથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ.

મહારાષ્ટ્રમાં ઉદ્ભવેલી હિંદુત્વની વિચારધારાને ગુજરાતે સહજતાથી અપનાવી છે. લોકમાન્ય ટિળકે શરૂ કરેલા ગણેશોત્સવને ગુજરાતમાં લોકોએ સહજતાથી અપનાવ્યા ને સંઘને પણ સહજતાથી અપનાવ્યો. તેના કારણે હિંદુત્વની વિચારધારા ફેલાવવામાં મોટું યોગદાન આપનારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)નો પ્રભાવ મહારાષ્ટ્રમાં થયો એટલો જ ગુજરાતમાં થયો. સંઘની વિચારધારાને ગુજરાતમાં ફેલાવનારા મોટા ભાગના પ્રચારકો મરાઠીભાષી હતા અને ગુજરાતે તેમને સહજતાથી અપનાવ્યા છે.


■ sanjogpurti@gmail.com


# કોંગ્રેસનો વફાદાર ડાર્ક હોર્સ પરેશ ધાનાણી

ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય સાંસદ ખરીદ વેચાણ સંઘ માટે ગુજરાતમાં હવે જે બે પાંચ કોંગ્રેસી માથા અણનમ દેખાઈ રહ્યા છે તેમાં હવે સૌથી ટોચના બે નામ રહ્યા છે. તેમાં એક શક્તિસિંહ ગોહિલ છે અને બીજા પરેશ ધાનાણી. આમ તો ભાજપનો દાવો એવો છે કે અમે કોઈને ખેડવતા નથી કે નથી ખેડવવા માંગતા. તેમ છતાં રાજકીય સમીક્ષકો માને છે કે ભાજપનો ધારાસભ્ય સાંસદ ખરીદ વેચાણ સંઘ હવે આ બે વિકેટની પાછળ છે. પોતાના અનેક સાથીદારો ભાજપાય નમઃ થઈ ગયા પછી શક્તિસિંહ તો હવે પહેલા જેવા એગ્રેસિવ નથી દેખાતા. તેમ છતાં શક્તિભાઈ ભાજપમાં જશે એવી અફવા ઉડાડવી પણ અફવાકારોને અઘરી લાગે છે. ભાજપ ગમન બાબતે પરેશ ધાનાણીનું નામ જોકે ઘણી વખત વવડાઈ ચૂક્યું છે. તેમ છતાં એક સમયે વિરોધ પક્ષના નેતા સુધીનું પદ નિભાવનાર અને હાલમાં હાલકડોલક થઈ રહેલ પુરુષોત્તમ રૂપાલા સામે રાજકોટથી રણટંકાર કરી રહેલ પરેશ ધાનાણીએ આજ સુધી કોંગ્રેસ પ્રત્યે અડીખમ વફાદારીના સંકેતો તો આપ્યા જ છે

પરેશ ધાનાણી એક એવું નામ છે જે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રત્યે વફાદારી, સમર્પણ અને અતૂટ પ્રતિબદ્ધતા સાથે પડઘો પાડે છે. ૧૮ ડિસેમ્બર ૧૯૭૬ના રોજ ગુજરાતના અમરેલીમાં જન્મેલા, ધાનાણી પક્ષમાં એક અગ્રણી નેતા તરીકે ઉભરી આવ્યા છે, જે લોકોની સેવા કરવા અને કોંગ્રેસ પક્ષના મૂલ્યોને જાળવી રાખવાના તેમના અથાક પ્રયાસો માટે જાણીતા છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા



રાજનીતિમાં ધાનાનીની સફર નાની ઉંમરે શરૂ થઈ હતી જ્યારે તેઓ યુથ કોંગ્રેસમાં જોડાયા હતા અને તેમની મહેનત અને સમર્પણને કારણે ઝડપથી રેન્કમાં વધારો થયો હતો. તેઓ ઘણા વર્ષોથી કોંગ્રેસ પક્ષના વફાદાર સભ્ય છે, હંમેશા તેના સિદ્ધાંતો પર ઊભા રહ્યા છે અને સમાજની સુધારણા માટે કામ કરે છે.

ધાનાણીને વફાદાર કોંગ્રેસી નેતા તરીકે વ્યાખ્યાયિત કરતી મુખ્ય લાક્ષણિકતાઓમાંની એક પક્ષની વિચારધારા અને મૂલ્યો પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા છે. તેઓ હંમેશા સામાજિક ન્યાય, સમાનતા અને સર્વસમાવેશકતાના કટ્ટર હિમાયતી રહ્યા છે અને તેમણે સતત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના સશક્તિકરણ અને દલિત લોકોના ઉત્થાન તરફ કામ કર્યું છે.

ધાનાણીની કોંગ્રેસ પક્ષ પ્રત્યેની વફાદારી તેના નેતૃત્વ માટેના તેમના અતૂટ સમર્થનમાં પણ સ્પષ્ટ થાય છે. તેઓ જાડા અને પાતળા પક્ષની સાથે ઉભા રહ્યા છે, હંમેશા તેના નેતાઓની રેલી કરીને લોકોની સેવા કરવા અને દેશ માટે વધુ સારા ભવિષ્યના નિર્માણના સમાન લક્ષ્ય તરફ કામ કરે છે.

તદુપરાંત, ધાનાણીની વફાદારી માત્ર તેમના પક્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેઓ જે લોકોની સેવા કરે છે તેના સુધી વિસ્તરે છે. તેઓ હંમેશા ગુજરાતના લોકો માટે મજબૂત અવાજ રહ્યા છે, તેમના અધિકારો માટે લડતા રહ્યા છે અને તેમના કલ્યાણ માટે કામ કરી રહ્યા છે. લોકોના કલ્યાણ માટેના તેમના સમર્પણને કારણે તેમને ઘણા લોકોનો આદર અને પ્રશંસા મળી છે, જેના કારણે તેઓ રાજ્યમાં એક પ્રિય નેતા બન્યા છે.

પરેશ ધાનાણી એક વફાદાર કોંગ્રેસી નેતાનું ઝળહળતું ઉદાહરણ છે જે પક્ષના મૂલ્યો અને સિદ્ધાંતોને મૂર્તિમંત કરે છે. કોંગ્રેસની વિચારધારા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા, તેના નેતૃત્વ માટે તેમનું અડગ સમર્થન અને લોકોની સેવા કરવા માટેનું તેમનું સમર્પણ તેમને પાર્ટીની સાચી સંપત્તિ અને ગુજરાતના લોકો માટે આશાનું કિરણ બનાવે છે. જેમ જેમ તેઓ રાજકારણમાં તેમની સફર ચાલુ રાખે છે તેમ, એક વાત નિશ્ચિત છે - પરેશ ધાનાણી હંમેશા એક વફાદાર અને સમર્પિત કોંગ્રેસ નેતા રહેશે, સમાજની સુધારણા અને લોકોના સશક્તિકરણ માટે અથાક મહેનત કરશે. પરેશ ધાનાણી વિશે ગમે તે કહેવાતું હોય પણ ભારતીય જનતા પાર્ટી માટે પરેશ ધાનાણી એક અઘરી વિકેટ છે. રૂપાળા રૂપાળા વિવાદો સર્જવા માટે જાણીતા પુરુષોત્તમ રૂપાલા જીતી જ જાય એવો માહોલ દેખાઈ રહ્યો છે તેમ છતાં પરેશ ધાનાણી ભૂતકાળમાં થયા હતા તેમ આ વખતે પણ ડાર્ક હોર્સ સાબિત થઈ શકે છે.


■ naranbaraiya277@gmail.com


# પુસ્તકનું મહત્વ...

બાળ ગંગાધર તિલકના શબ્દોમાં કહીએ તો ''મને નરકમાં પુસ્તક મળે તો હું ત્યાં રહેવા પણ તૈયાર છું અને સ્વર્ગમાં પુસ્તક ના મળે તો હું ત્યાં રહેવા તૈયાર નથી''. આ વાત ઉપરથી નવી યુવા પેઢીએ પુસ્તકોનું મૂલ્ય સમજીને વાંચન તરફ દષ્ટિકોણ કેળવવો પડશે. પુસ્તકો અંધકારમય જીવનને પ્રકાશમય બનાવી શકે છે. અનેક આપત્તિઓ વચ્ચે નવો માર્ગ કંડારવાની કેળવણી પુસ્તકોમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. વાંચન કરનાર વ્યક્તિ સદાય માટે સુખી હોય છે. કારણ કે વાંચન કરવાથી વૈચારિક શૈલી, ભાષાનું પ્રભુત્વ અને રજૂઆત કરવાની કલા ઉત્તમ રીતે ખીલી ઉઠે છે. ટેકનોલોજીના યુગમાં લાઈબ્રેરીઓ સ્મશાન બની રહી છે ત્યારે પ્રબુદ્ધજીવી લોકોએ વાંચન તરફ યુવાનોને વાળવાની જરૂર છે. વાંચનથી આંતરિક શક્તિઓ કેળવાય છે. વાંચન કરવાથી મનન શક્તિ અને આત્માની શક્તિ તૃપ્ત બને છે. પરાજિત પટેલના એક પુસ્તકમાં એક ભાઈ સંસારથી એટલો બધો કંટાળી ગયેલો કે સુસાઇડ કરી નાખું એવો વિચાર કરવા લાગ્યો. તેવા સમયે પોતાની વ્યથા મિત્રને કહી, મિત્ર પણ બુદ્ધિશાળી હતો તેને કહ્યું કે લે સુસાઇડ કરતા પહેલા આ પુસ્તક વાંચી લે પછી તું સુસાઇડ કરી લેજે. જે માણસ જિંદગીથી કંટાળી ગયેલો તે માણસે પુસ્તક વાંચ્યા પછી સુસાઇડ કરવાનું મૂકી દીધું અને 'આ જીવન ભગવાને આપેલી દેન છે' સમજી જીવન જીવવાની કલા તે શીખી ગયો અને હવે હું બિનજરૂરી વિચારો કર્યા વગર સારા પુસ્તકો વાંચતો રહીશ અને સારું જીવન જીવતો રહીશ તેવો સંકલ્પ કર્યો. પુસ્તકમાં આટલી અજોડ તાકાત છે. માત્ર પુસ્તક દિવસે જ પુસ્તકો વાંચવાથી જ્ઞાન, સમજ, કૌશલ્ય કેળવાશે નહીં. સતત તેના સંપર્કમાં રહેવું પડશે. પુસ્તકો વૈચારિક વૃંદાવન છે. પુસ્તકો વાંચવાથી એકાગ્રતા સિદ્ધ થશે. આ દુનિયામાં આજની સૌથી ટોપ સમસ્યા હોય તો સ્ટ્રેસ છે. તનાવને ઓછો કરવો હોય તો પુસ્તકપ્રેમી બનવાની તાતી જરૂરિયાત છે. આજે વૈશ્વિકીકરણના યુગમાં આજે જે શોધાય છે તે કાલે જૂનું થઈ જાય છે તેવા સમયે નવું નવું જ્ઞાન પુસ્તક દ્વારા મળી શકે છે. પુસ્તક વાંચવાથી માનવીની કલ્પના કરવાની શક્તિ ખીલી શકે છે. યાદશક્તિમાં જબરજસ્ત વધારો થાય છે. માનવી જ્યારે એકલો હોય ત્યારે એકલતા ઉધઈની જેમ કોરી ખાય તેવા સમયે પુસ્તક સંજીવનીનું કામ કરે છે. સ્વામી વિવેકાનંદ એકાગ્ર ચિત્તે વાંચતા હતા તેના કારણે તેમની યાદશક્તિ તીવ્ર રહી. મનને સદાય માટે પ્રફુલ્લીત રાખવા પુસ્તકો સધિયારો બને છે. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય લેખક ડો. ગુણવંત શાહ ખુબ સુંદર લખે છે" જે વાંચે છે તે વિચારે છે, જે વિચારે છે તે જીવે છે, બાકીના જીવતા નથી, જીવી ખાય છે".

આજના મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં ઓનલાઈન પુસ્તકો મુકેલા હોય છે. તેવા સમયે તેનો પણ ઉપયોગ કરવો જોઈએ. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' આ યુક્તિ દરેક માણસે સમજવાની જરૂર છે. બિનજરૂરી સમય બગાડતા કરોડો યુવાનો છે. દરરોજ બે કલાક વાંચે તો તેમની સર્જનાત્મક કલા અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે સારી એવી તૈયારી થઈ શકે એમ છે.

વાંચનની સાથે લેખન શૈલી પણ કેળવવાની જરૂર છે. આજે મામાને પત્ર લખવા આપીએ તો શું લખે ? વાંચન હોય તો લખી શકે ને ? આ બધી બાબતો શાળા કક્ષાએ શિક્ષક મિત્રોએ કેળવવાની જરૂર છે. શિક્ષકો વાંચતા નથી. કોલેજના પ્રોફેસરો અને શિક્ષકોએ વધુ વાંચી સંદર્ભગ્રંથોનો સહારો લઈ શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરવા માટે વાંચન અને લેખન શૈલીથી અધ્યયન કાર્ય કરવું જોઈએ તો જ વિદ્યાર્થીઓને નવું આપી શકાય. બસ પગારની તારીખમાં જ રસ છે. ભાષા શિક્ષકોની સાથે સાથે તમામ વિષયના શિક્ષકોને પોતાના વિષયમાં ઊંડું જ્ઞાન હોવું અનિવાર્ય છે. આજે ગૂગલ બાબા બધું આપી દે પરંતુ સાચું તો પુસ્તકો જ આપી શકે એટલે પુસ્તકનો સત્સંગ કરવો સ્વર્ગ જેવી અનુભૂતિ થશે. આજે કોપી પેસ્ટ બહુ થાય છે. મૌલિક લખાણનો દુષ્કાળ પડયો છે. મોટાભાગની શાળામાં નિબંધ



વિષય શિક્ષકો નિબંધમાળામાંથી લખાવે છે. આમને કઈ ડિગ્રી આપવી જોઈએ ? અમારી સંસ્થાના ચંદુભાઈ સાહેબ (નેનપુર) દરરોજ ૧૦ થી ૧૨ કલાક વાંચતા અને ડાયરી લખતા. ૫૦૦૦ પુસ્તકની લાઈબ્રેરી છે. બધા પુસ્તકો તેમણે વાંચેલા છે. હું જે સંસ્થામાં નોકરી કરું છું તે સંસ્થા થકી જ મારો સર્વાંગી વિકાસ થયો છે. મને લખવાની અને વાંચવાની કેળવણી આપનાર મારા ગુરુ ચંદુભાઈ પટેલ સાહેબ હતા. આવા કેળવણી મંડળના પ્રમુખ હોય તેની શાળાઓ કેવી હોય ? શિક્ષક મિત્રો મોટાભાગનો સમય ગપ્પા મારવામાં પસાર કરતા હોય છે. તેની જગ્યાએ 'કુછ મિનિટ તો લાઈબ્રેરી મેં ગુજારીએ' આ વાતને કેન્દ્રસ્થાને રાખી પુસ્તકોનું મહત્વ વિદ્યાર્થી સન્મુખ કેળવવું પડશે.

શાળામાં એક તાસ વાંચનનો હોવો જોઈએ. પુસ્તકના સત્સંગથી વાંચન અભિમુખ થશે. વાંચન કરવાની કલા કૌશલ્યતા કેળવાશે. શિક્ષક શાળામાં વાંચતો હશે તો તેની અસર શાળાના ભાવાવરણ અને વાતાવરણમાં તો થશે જ પરંતુ બાળકોમાં સૌથી વધારે થશે. કારણ કે બાળક તમને જોઈ શકે છે કે સાહેબ વાંચે છે. શેર માર્કેટનો ઈન્ડેક્સ કેટલો ઊંચો છે તે વાંચવા અને વિચારવા કરતા કયું પુસ્તક વાંચવું જે જીવન બદલી શકશે તે જરૂરી છે. અબ્દુલ કલામનું 'ધ વિંગ ઓફ ફાયર', વિશ્વાસ પાટીલનું 'મહાનાયક સુભાષચંદ્ર બોઝ', ક્રાંતિકારીઓ, વ્યક્તિવિશેષ, કેળવણીકારો, વૈજ્ઞાનિકો, વાર્તાકારોની નવલકથાઓ વાંચવાથી આંતરિક શક્તિઓ ખીલી ઉઠશે. સર્વ શિક્ષા અભિયાનના સચિવ મહેશભાઈ મહેતા હંમેશા શિક્ષકોને નિયમિત પાંચ પુસ્તકો વાંચવાની તેમના લેક્ચરમાં સલાહ આપે છે. તેઓ પણ વાચક છે. 'અંગદનો પગ' હરેશ ધોળકિયાનું પુસ્તક દરેક શિક્ષક મિત્રોએ વાંચવું જોઈએ, તો તો ચાન સુરેશ સોનીનું અચૂક વાંચવું. જે વ્યક્તિ વાંચનની ખાણમાં પડ્યો તે હીરાની ખાણમાં પડયો સમજવું. પુસ્તકોનું વાંચન નિયમિત થવું જોઈએ. જીવનના અમુક સિદ્ધાંતો હોવા જોઈએ. મારે નિયમિત વાંચવું જોઈએ. ગાંધીજી અને સરદાર પટેલ નિયમિત વાંચતા હતા અને લખતા હતા. આ બધા મહાપુરુષો એટલે બન્યા કે તેમની પાસે ડિગ્રીઓ તો હતી જ પરંતુ પુસ્તકોનો સથવારો હતો.

સૌ વાચક મિત્રોને વાંચવા તરફ વળવાની અપેક્ષા સેવું છું. શિક્ષણ સમુદાયના મિત્રો 'જીવો ત્યાં સુધી વાંચો' એ જ પુસ્તકનો પ્રેમ... ગુણવંત શાહ કહે છે કે મરો ત્યાં સુધી જીવો.. આપણે જીવીએ ત્યાં સુધી વાંચીએ.

સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)


■ Mo.9825702282

# સર્વપ્રિય અને પૌષ્ટિક ફળ - ચીકુ



બીજ કોરી ખાનારી ઈયળ (સીડ બોરર) : આ જીવાતની ઈયળ મધ્યમથી મોટા કદના ફળોનાં બીજનો અંદરનો ભાગ ખાય છે. પરંતુ ઈયળ અવસ્થા પુરી થતાં ફળમાં કાણું પાડી બહાર આવી પાન પર કોશેટો બનાવે છે. ફળ પરનાં આવા કાણાંમાંથી ફૂગ તથા અન્ય જીવાતો ફળમાં દાખલ થઈ નુકસાન કરે છે. આમ ઉપદ્રવિત ફળો ખાઈ શકાતાં નથી. તેની ગુણવત્તા ઘટવાથી બજારભાવ ઓછા મળે છે.

નિયંત્રણ : ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં ૧૦ લિટર પાણીમાં પ્રોફેનોફોસ અને સાયપરમેથ્રીનનું તૈયાર મિશ્રણ ૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ.લિ. અથવા લેમડાસાયહેલોથ્રીન ૧૦ મિ.લિ. પ્રમાણેના છંટકાવ ૨૦ થી ૨૫ દિવસના અંતરે ૨ થી ૩ વખત કરવાથી આ જીવાતનું નિયંત્રણ થઈ શકે છે.

રોગો :

પાનનાં ટપકાં : ચીકુના પાકમાં ફૂગથી થતાં પાનનાં છીંકણીયા ટપકાં, પાનનાં લાલ બદામી ટપકાં અથવા તો

વૈવિધ્ય
ડૉ. હેમાંગી ડી. મહેતા
એસોસિએટ "પ્રોફેસર ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી- ગાંધીનગર

પાનનો ઝાળ અને પાનનાં રાખોડી રંગના ટપકાં જોવા મળે છે. ખાસ કરીને ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર માસમાં આ ટપકાંઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ ટપકાંઓને લીધે પાન સુકાઈને ખરી પડે છે. તેમજ કોઈક વાર આ રોગનું પ્રમાણ વધુ હોય તો ઉત્પાદન પર માઠી અસર પડે છે જેથી આર્થિક નુકસાન થાય છે.

નિયંત્રણ : આ તમામ પાનના ટપકાંના અસરકારક નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨ ગ્રામ/લિ. અથવા કાર્બેન્ડાઝિમ ૦.૫ ગ્રામ/લિ. અથવા તો કોઈપણ તાંબા યુકત ફૂગનાશક દવા ૩ ગ્રામ/લિ. પ્રમાણે જરૂરી દવાનો જથ્થો બનાવી ૨૦ થી ૨૫ દિવસના અંતરે બે થી ત્રણ વખત છંટકાવ કરવો.

સુકારો : આ રોગ ફુગથી થાય છે. શરૂઆતમાં ઝાડ ઝાંખા પીળા અને ફીકકા થઈ ધીમે ધીમે સુકાવા લાગે છે. ખાસ કરીને વરસાદ બંધ થયા પછી સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં છૂટાછવાયાં ઝાડને અસર જોવા મળે છે. સમય જતાં આખું ઝાડ સુકાઈને નાશ પામે છે. આ રોગની ફુગ મૂળ મારફતે આક્રમણ કરતી હોવાથી મૂળના અંતઃભાગને અસર થાય છે અને ઝાડ નાશ પામે છે.

નિયંત્રણ : રોગવાળા ઝાડના થડનું ઢીમું ખોલી કાર્બેન્ડિઝીમ ૨૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ યુરિયા ૨૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી થડમાં રેડવું. ૨૦ થી ૨૫ દિવસના અંતરે બે થી ત્રણ વાર ઉપર પ્રમાણે માવજત આપવી. આ ઉપરાંત વાડીમાં પાણી ભરાવા ન દેવું. પિયતનું નિયમન કરવું. તેમજ જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા વીરીડી નામની જૈવિક ફુગનું કલ્ચર સેન્દ્રિય ખાતર સાથે ભેળવી આપવાથી રોગનું નિયંત્રણ થઈ શકે છે.

અવરોહ મૃત્યુ (ડાયબેક) : આ રોગની શરૂઆતમાં ડાળીઓ ઉપરથી નીચેની તરફ સુકાતી જાય છે તથા પાન પણ સુકાઈને ખરી પડે છે.

નિયંત્રણ : આ રોગના નિયંત્રણ માટે કોપર ઓકસીકલોરાઈડ ૪૦ ગ્રામ/૧૦ લિટર અથવા કાર્બેન્ડિઝીમ ૫ ગ્રામ/૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

ફળનો પોચો સડો : આ રોગની શરૂઆતમાં ફળ પર ઘાટા બદામી રંગના ઝખમો ઉત્પન્ન થાય છે. જે ધીમે ધીમે વિકાસ પામે છે. આની અસરથી ફળ પાકવાની ક્રિયા ઝડપી બને છે અને ફળ પર ફૂગનું વર્ધન જોવા મળે છે. ફળમાંથી કાળા રંગના પ્રવાહીનું ઝરણ થતું જોવા મળે છે. જે ખરાબ ગંધ ફેલાવે છે.

નિયંત્રણ : આ રોગના નિયંત્રણ માટે ફળોને ઉતાર્યા બાદ ડાયથેન એમ–૪૫ દવાના ૦.૧ ટકા દ્રાવણમાં પાંચ મિનિટ બોળવા. (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# ખરાબ હવા




નેહા બલદાણીયા.

"રમલી, એએએ... રમલી."

મોતીની રાડ નીકળી ગઈ ને આંખો ફાટી રહી.

અવાવરૂ કૂવામાં રમલી પડી ગઈ હતી. મોતીએ ગામ ભણી દોટ મૂકી. "બચાવો, બચાવો. એ મારી રમલીને કોઈ બચાવો."

ભર બપોરે કાળા તડકામાં ખુલ્લા પગે પાગલની જેમ દોડતી જાય ને બુમો પાડતી જાય. ઓઘડનું ઘર નજીક આવ્યુ. તરત જ મોતીએ ડેલી ખખડાવી. "જીવી, ઓ.... જીવલી. કમાડ ખોલ. મારી રમલી કૂવામાં પડી ગઈ સે, એ ઝટ કરો.

કોઈ બચાવો મારી સોડીને."

આ સાંભળી તરત જ ઓઘડ ને જીવી જમતાં જમતાં એઠા હાથે બહાર આવ્યા. ઓઘડની બાએ પૂછ્યું કે, "ક્યાં કૂવામાં પડી ગઈ રમલી? અને કેમ કરતાં પડી!??

પાણી છેડે, પાણી વાળા કૂવાની બાજુમાં ઓલા અવાવરા કૂવામાં ?"

કલુમાએ ડોકું ધુણાવ્યું.

"ના રે ના! ન્યા કોઈ નય આવે હો! મા-દીકરી હું કરવા ન્યા ગ્યું ત્યુ?"

"પાણી ભરવા ..,

મેં રમલીને ના પાડી તો, ઈ કેય ખાલી ડોકું કાઢવામાં હું જાય છે?"

જેવી ડોકું કાઢવા ગઈ કે પાળ પરથી પગ લપસ્યો..અને ગઈ એ ઊંડા કૂવામાં.

એમ કહી મોતી લમણે હાથ દઈ બેસી ગઈ અને રોકકળ કરવા લાગી. ગામ ધીરે ધીરે ભેગું થઈ ગયું.

ઓઘડે કીધું ,"માડી તમે શાંતિ રાખો. હું જાઉ છું કૂવા પાસે. હાલો મારી ભેગા."

"નય, તું ક્યાંય નય જાય હો. મારે તું એક જ સાત ખોટનો છો. એમાં ચુડેલ થાય છે. જે પડે એને મારીને જ જંપે. એ તને નથ ખબર?"

ઓઘડની મા ગુસ્સાથી બોલી. મોતી ગરીબડી બધાંની સામે જોવે પણ કોઈ આગળ ન આવે.

જીવીથી રહેવાયું નહી. પોતે ભણેલી એટલે આવી અફવામાં બહુ માને નહીં.

તરત જ મોતી બાને ઊભા કર્યા. અને કીધુ, "હાલો."

" તું ક્યાં જા છો? આને ના પાડી ત્યાં તું ઉભી થઈ! પાછી વળ!! ત્યાં ચુડેલ થાય છે! "

કલુમાએ જીવીનો હાથ પકડતાં કહ્યું.

"તમે ઉપાધી કરોમા. હું હમણાં જ આવું ." એમ કહી જીવી તો હાલવા માંડી ને પાછળ બધા પરિવારના અને ગ્રામજનો ગયા.

જીવીએ સાથે ફાનસ લીધું. કૂવામાં ઉતાર્યુ.

બધા વિચારમાં પડ્યા કે ,"આ કરે છે શું?"

જેવું ફાનસ અંદર ગયું ત્યાં તો તે ઓલવાઈ ગયું. જીવીએ તરત જ ફાનસ બહાર કાઢ્યું.

"જુઓ આ દીવો ઓલવાઈ ગયોને ! કૂવાની અંદરની હવા ખરાબ છે. કોઈ ચુડેલ બુડેલ નથી કે કોઈ ભૂત-પ્રેત નથી." થોડી વાર સુધી કોઈને પણ જીવીની વાત સમજાણી નહિ.

જીવીએ ફોડ પાડ્યો, "મારા પિયરે ઘણાં લોકો ખાણમાં કામ કરે. એમાં ઊંડે સુધી ખોદકામ કરવાનું હોય અને જો સારી હવા એટલે કે ઓક્સિજન નો મળે તો, જીવનું જોખમ થાય. એ લોકો એની હારે ફાનસ રાખે અને જો એ બુઝાય, તો ખોદકામ નો કરે. કારણ કે ત્યાંની હવા ખરાબ હોય. જીવવાલાયક, શ્વાસ લેવા જેવી નો હોય અને અમારે ભણવામાંય આવતું."

બધાને બરાબર મગજમાં વાત ઊતરી ગઈ અને સમજાઈ ગયું કે હકીકતમાં ચુડેલ છે જ નહીં. "અરે! આ રમલીને તો બહાર કાઢવાનું કંઈક કર જીવી."

"સમાચાર મોકલી દીધાં છે. હમણાં બચાવવાવાળા પુગી જાહે." જીવી બોલી. મોતી તો કૂવાની પાળ ચડીને કૂવામાં જોયે રાખે.

ગાડી આવી. એક જણાએ કમરે દોરડું બાંધ્યું અને બીજા બેએ ખચકાવીને પકડ્યું. હારે ઓક્સિજનનો બાટલો ટીંગાડેલો. ફટાફટ એ ભાઈ તો ઉતર્યો અને રમલીને ભેગી બાંધી. ઓક્સિજન માસ્ક પહેરાવીને ચડ્યો ઉપર. તરત જ ગાડી દોડાવીને દવાખાને સારવાર આપી.

બધાના જીવ તાળવે ચોંટેલા." અરેરે..! રમલી હાજી ઘેર આવે તો સારું! જીવી ભણેલી રયને તે આપણને આ અફવામાંથી ઉગાર્યા. નકર આપણે તો જીવતી રમલીને મારવા બેઠા થ્યા'તા." ઓઘડાની બા ગર્વ લેતાં બોલ્યા.

રમલી તો સાજી નરવી થઈને ઘેર આવી ને સીધી જ જીવીને મળીને ભેટી પડી.

"છપ્પન ઈંચ"
કાળુભાઇ ભાડ

ખૂબ રોઈ.

"જીવી ભાભી જો તમે ના હોત તો, આજે હું જીવતી ન હોત. બહુ જીવ ગુંગળાતો'તો. અને પછી કાંઈ ખબર નય કે મને હું થ્યુ?"

જીવીએ રમલીને બધું વિજ્ઞાન સમજાવ્યું. પછી તો એ જ વર્ષે કૂવાનું સમારકામ કર્યું. પાણી ભરવાલાયક અને પીવાલાયક બનાવ્યો.

આખા ગામ વતી સરપંચે જીવીનું સન્માન કર્યુ અને કીધું કે," આ ચુડેલની અફવાના લીધે આપણે કેટલાંય નિર્દોષ લોકોને મરવા દીધા. પણ આ જીવીબેનના હિસાબે આજે આપણે આમાંથી મુક્ત થયા." અને સાથે જાહેર કર્યું કે, "શિક્ષણ તો પાયાની જરૂરિયાત છે. હવે તો આપણા ગામની નિશાળમાં આપણે આપણાં બધાંના છોકરાઓને ભણવા બેસાડીશું અને બધાંએ ફરજિયાત નિશાળે જવાનું જ છે. અક્ષરજ્ઞાન એ જીવનદાન છે."

બધાંએ સરપંચની વાત સહર્ષ સ્વીકારી લીધી.

કલુમા સાડલાનો છેડો આડો કરીને મનમાં મરક મરક હસી રહ્યા હતા.

ઓઘડ જીવી સામે જોઈ ખડખડાટ હસીને મનમાં બબડ્યો." વાહ ! મારી જીવી, તે તો બાકી છપ્પન ઈંચનું કામ કર્યું હો !"

તાળીઓના ગડગડાટથી આખું વાતાવરણ ભરાઈ ગયું.

મૂળ વાર્તા:- નેહા બલદાણીયા

રીરાઈટ :- કાળુભાઈ ભાડ, અમરેલી.

sanjogpurti@gmail.com

# સફરને બનાવે ખૂબસૂરત : મેકઅપ કિટ



સફર દરમિયાન મહિલાવર્ગને મેક-અપની, સ્કિનની, હેરકેરની ચિંતા રહેતી હોય છે. વળી દરેક સ્થળે વ્યવસ્થિત રીતે તૈયાર થઈને જવું, જોકે હવે તો સેલ્ફીને મોબાઈલમાં પિક લેવાની પરંપરા શરૂ થઈ છે એટલે ફોટા પાડવા માટે પણ મેક - અપ સજજ રહેવું એ આજની યુવતી - મહિલાની સફર પૂર્વેની અનિવાર્ય શરત રહી છે. એટલે જરૂરી છે કે આપની મેકઅપ કિટમાં જરૂરી ટ્રાવેલ મેકઅપ સામાન હોવો જ જોઈએ, જેથી સફરમાં પણ સૌંદર્ય જળવાઈ રહે !

બોડી લોશન : સફર દરમિયાન શરીર પોતાનો ભેજ ન ગુમાવે, એ માટે મેકઅપ કિટમાં બોડી લોશન રાખો અને રોજ બોડી પર લગાવો.

ટોનર : બ્યુટી રૂટિનમાં આ મુખ્ય પ્રોડકટ છે, જેનો ઉપયોગ કલીંજિંગ પછી અને મોઈશ્ચરાઈઝિંગ પૂર્વે થાય છે. આનાથી ચહેરાની ત્વચા ટોન્ડ રહે છે.

લિપ લાઈનર : હોઠની સુંદરતાને જાળવી રાખવા માટે અને લિપસ્ટિકને લાંબો સમય ટકાવી રાખવા માટે લિપ લાઈનર અવશ્ય રાખો, જેથી આપની લિપસ્ટિક થોડી - થોડી વારે ફેલાઈ ન જાય.

કોમ્પેકટ : સ્કીનને ઓઈલ ફ્રી રાખવા માટે અને ચહેરાની ચમક જાળવી રાખવા માટે કોમ્પેકટ જરૂરથી રાખો. કોમ્પેકટ પસીનાને પણ રોકે છે, જેથી મેકઅપ રેળાય નહીં, ટકી રહે.

બ્લશ ઓન : ગાલની લાલિમાને જાળવી રાખવા માટે પિન્ક કલરનું બ્લશ ઓન રાખો, એ વાતનું ધ્યાન રાખો કે દિવસના સમયે ડાર્ક બ્લશ ઓન ન લગાવો, કેમ કે એનાથી ચહેરો ભદ્દો દેખાશે.

ઈંટેંસ મોઈશ્ચરાઈઝર : સ્કિન માટે ઈંટેંસ મોઈશ્ચરાઈઝર અવશ્ય રાખો, કેમ કે એ ત્વચાના ગાઢ પડમાં પ્રવેશીને ત્વચાને મોઈશ્ચરાઈઝ અને સ્વસ્થ રાખે છે.

બોડી બટર : આનો ઉપયોગ શિયાળામાં વધુ થાય છે, કેમ કે એ કઠોર મોસમમાં પણ ત્વચાને કોમળ બનાવીને સંતુલિત ભેજ પ્રદાન કરે છે.

ગ્લોસી લિપિસ્ટિક : સફર દરમિયાન હોઠ વધુ સુકાય નહીં અને ભીનાશ જળવાઈ રહે એ માટે ગ્લોસી લિપસ્ટિકનો ઉપયોગ કરો, જેથી હોઠની ચમકની સાથોસાથ ચહેરાની ચમક પણ જળવાઈ રહે છે.

એકસફોલિએટર : સફર દરમિયાન ડેડ સ્કિન અને સ્કિન પરની ગંદકી હટાવવા માટે એક્સ ફોલિએટર અવશ્ય લઈ જાવ. આના ઉપયોગથી તમે સફર દરમિયાન રોજ સ્વસ્થ - સુંદર ત્વચા મેળવીને સ્માર્ટ દેખાઈ શકશો.

પોલ્યૂશન પ્રોટેકટર સૂફલે : આને લગાવવાથી સ્કિન પર આનું એક પાતળું પડ બની જાય છે, જેથી ત્વચા સન ડેમેજ અને પ્રદૂષણથી બચે છે અને ત્વચા સંબંધી સમસ્યા ઊભી થતી નથી.

ડેડસી ફેસ પેક : આ ફેસ પેક ત્વચાના પોર્સ અર્થાત્ રોમછિદ્રને બંધ કરીને ત્વચાને સ્વસ્થ ચમક આપવા માટે ઉપયોગી બને છે. સારા પરિણામ માટે આનો ઉપયોગ સ્ક્રબિંગની પછી કરો.

એસ્ટ્રંજેંટ ઓઈલ : તૈલીય ત્વચાવાળી વ્યકિતઓ માટે આ ઓઈલ જરૂરી છે, કેમકે આ ઓઈલ સ્કિનના પીએચ બેલેન્સને જાળવી રાખે છે. વળી, ખીલ મટાડવા માટે પણ સહાયક બને છે.

જીવન તરંગ
જયસ્વી પટેલ

ફેસવોશ એલોવેરા વિથ પીએચ બેલેન્સ : એલોવેરા પ્રાકૃતિક ગુણસભર હોય છે, જે ત્વચાને કાળા ડાઘ ધબ્બાથી મુક્તિ અપાવે છે અને પિગમેન્ટેશનને હટાવે છે.

લાઈટ ફાઉન્ડેશન વિથ સન સ્ક્રીન : આપની ત્વચચા કરતા એક શેડ ઓછાવાળું ફાઉન્ડેશન કે બીબી ક્રિમ આપની સાથે જરૂર રાખો, જે એપીએફ યુકત હોય જેથી આપની ત્વચા તડકાથી બેહાલ ન બને અને ચહેરાની ચમક જળવાઈ રહે.

હાઈડ્રેટિંગ સ્પ્રે : સ્કિનને વધારાનો ભેજ અને કોમળતા પ્રદાન કરવા માટે મેકઅપ કિટમાં હાઈડ્રેટિંગ સ્પ્રે રાખો અને સફર દરમિયાન તેને લગાવો, જેથી ત્વચાને પૂરી ભિનાશ મળે અને ત્વચા સ્વસ્થ રહે.

બોડી વોશ વિથ હની : ત્વચાની મુલાયમતા જળવાઈ રહે, એ માટે બોડી વોશ વિથ હની સફરમાં સાથે જ રાખો. કઠોર ઋતુમાં પણ એ આપની ત્વચાની ચમકને જાળવી રાખે છે, જેથી તમને મળશે સફર દરમિયાન મુલાયમ સ્કિન.

કલરફૂલ કાજલ : આજકાલ કલરફૂલ કાજલ ફેશનમાં ઈન છે. જો તમે આંખોને કલરફૂલ દર્શાવવા ઈચ્છતા હો, તો કલરવાળા કાજલ - આઈ લાઈનર રાખો. જેથી આપની આંખો પોતાની ખૂબસૂરતી વિખેરી શકે.

sanjogpurti@gmail.com

# અરે ! આ તે કેવું !



જોરદાર પવન ફૂંકાયો. પવનનું જોર એટલું તીવ્ર કે ચારેકોર બધું ઊડાઊડ! નાનું ને મોટું; હલકું ને ભારે બધુંયે ઊડાઊડ! પવનના જોરમાં બધુંય તણાતું ને ઊડતું હતું. એક નાનકડું બીજ પણ આ તીવ્ર પવનની ઝપેટમાં આવી ગયું. પવનના જોરમાં જાય ખેંચાતું... જાય ખેંચાતું! ઘણે દૂર એક ખુલ્લા મેદાનમાં જઈને એ બીજ પડ્યું. પવનના જોરે એને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધું!

થોડા સમયમાં પવન શાંત પડ્યો. પવનના જોરમાં તણાતું, ઊડતું, ખેંચાતુ આવેલું પેલું બીજ શાંત પડ્યું હતું. જાણે બેભાન થઈને પડ્યું હોય તેમ! થોડા સમયમાં એને કળ વળી. આંખો ખોલીને જોયું તો ચારેકોર નીરવ શાંતિ! જ્યાં ત્યાં બધું ઊડીને ખેંચાઈને આવી પડ્યું હતું. એણે જોયું કે એના જેવા બીજા ઘણા નાના-મોટા બીજ એની આસપાસ પડ્યા હતા. એની જેમ જ

રે વાર્તા!
મનીષ સુથાર

અહીં સુધી આવી પડ્યા હતા. પણ આ શું! બધા એકબીજા સામું વિસ્મયપૂર્વક જોઈ રહ્યા હતા. કોઈ નાનું તો કોઈ મોટું; કોઈ લીસું તો કોઈ ખરબચડું; કોઈ લીલું તો કોઈ સૂકું!

- બધાંએ અંદરોઅંદર વાતચીત શરૂ કરી. "અરે તું અહીં કેવી રીતે આવી પહોંચ્યું?"

- "અરે હું તો એક મોટા ઝાડ પર હતું. પછી નીચે ખરી પડ્યું ને પવન મને અહીં સુધી લઈ આવ્યો."

- "હું તો એક નાનકડા છોડ પર હતું. નાનું ને નમણું. મનેય પવન અહીં ઢસડી લાવ્યો."

"હું તો વેલાઓની વચ્ચે છૂપાઈને પડ્યું હતું. વેલાઓની વચ્ચે રહેવાની એય મજ્જા હતી. ત્યાં અચાનક પવન ફૂંકાયો. બધું ઊડયું ને ખેંચાયું. ભેગું હુંય ખેંચાયું. મને તો ઘણી બીક લાગેલી. તે અહીં સુધી આવી ગયું. પણ તમને બધાને જોઈ હાશ થઈ." આમ બધા વચ્ચે વાતો જામી.

સમય જતા તેમની પર માટીના થર જામતા ગયા. બધા બીજ થરની નીચે દબાતા જતા હતા. હવે તેઓ એકબીજાને નહોતા જોઈ શકતા કે નહોતા વાતો કરી શકતા. એવામાં આકાશમાં કાળા કાળા વાદળો ઊમટ્યા. વાદળોનો ગડગડાટ ને વીજળીના ચમકારા. થોડા સમયમાં વરસાદ તૂટી પડ્યો. ચારેકોર પાણી જ પાણી. બધું ભીનું ભીનું થઈ ગયું. પેલા જ્યાં ત્યાં માટી નીચે દબાયેલા બીજ પણ ભીંજાયા. ઘડીભર તો એમને પણ ટાઢ ચડી.

આમને આમ થોડા દિવસો વીત્યા. બીજમાં સળવળાટ થયો. તેનું શરીર ધીમે ધીમે ફૂલી રહ્યું હતું. તેને કંઈ સમજાયું નહિ. એ તો વિચારમાં પડ્યું ને બીજા બીજ સામે જોવા લાગ્યું. તેણે જોયું કે બધાં બીજ ધીમે ધીમે ફૂલી રહ્યા હતા. કેટલાંક બીજમાં તો ફાડ પણ પડી હતી. એકાદ બે દિવસમાં પેલા બીજમાં પણ ફાડ પડી. એ તો બોલવા લાગ્યું, "અરે ! અરે! આ શું થઈ રહ્યું છે? મારું શરીર તો ફાટી રહ્યું છે!" બીજાં બીજ બોલ્યાં, "અરે! અરે! તું જરાય ચિંતા ન કર. આ જો, અમારા શરીર પણ તારી તેમ જ..." "હા... હા... હા..." એ તો હસવા લાગ્યું ને થોડીવારમાં સૂઈ ગયું. સૌ એકબીજા સામે નવાઈપૂર્વક જોતા હતા.

વળી પાછા થોડા દિવસો વીત્યા. હવે બીજમાં સળવળાટ વધતો જતો હતો. હવે એના શરીરમાંથી નાનકડું અંકુર ફૂટ્યું. એણે જોયું કે આજુબાજુ પડેલા બીજમાં પણ આવું થઈ રહ્યું હતું. ધીમેધીમે અંકુર મોટા મોટા થવા લાગ્યા. જોતજોતામાં જ્યાં ત્યાં વનસ્પતિ ઊગી નીકળી. બધા પોતાના આ નવા અવતારને જોઈ ખુશ હતા. હસતા રમતા તેઓ મોટા થઈ રહ્યાં હતાં. બધા એકબીજા સામું જોઈ મરકમરક હસતા હતા. બધાનો દેખાવ ને આકાર જુદા જુદા હતા, પણ તેમનો રંગ એક જ હતો. પ્રકૃતિની ગોદમાં તેઓ હસતા, રમતા મોટા થઈ રહ્યા હતા. એક નાનકડા બીજમાંથી બધા મોટ્ટા મોટ્ટા થઈ ગયા.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

કંપનીએ કહ્યું કે તેમની રસીના કારણે મૃત્યુ થયા છે

# કોવિશિલ્ડ નિર્માતા એસ્ટ્રાઝેનેકાએ સ્વીકાર્યું કે રસી લોહીના ગંઠાવાનું કારણ બની શકે છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

યુકેની પ્રખ્યાત ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ યુકેની કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેમની કોવિડ -૧૯ રસી લોકોમાં ટીટીએસ જેવી આડઅસર કરી શકે છે. કોવિડ-૧૯ રસી થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (ટીટીએસ) નામની દુર્લભ આડઅસર પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમના કારણે શરીરમાં લોહીના ગંઠાવાનું



નિર્માણ થઈ શકે છે જે પાછળથી સ્ટ્રોક અથવા કાર્ડિયાક અરેસ્ટ જેવી ઘટનાઓનું કારણ બને છે. ગયા વર્ષે જેમી સ્કોટ નામના વ્યક્તિએ એસ્ટ્રાઝેનેકા સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી કારણ કે તે લોહીના ગંઠાઈ જવાથી પીડાય છે.

સ્કોટે માહિતી આપી છે કે એપ્રિલ ૨૦૨૧ માં રસી લીધા પછી, તેના મગજમાં લોહી ગંઠાઈ ગયું અને રક્તસ્ત્રાવ શરૂ થયો, જેના કારણે મગજમાં કાયમી ઈજા થઈ અને તે કામ કરી શકતો નથી.

મે ૨૦૨૩ માં કંપનીએ જણાવ્યું હતું કે તેઓ સ્વીકારતા નથી કે ટીટીએસ સામાન્ય સ્તરે રસી દ્વારા પ્રેરિત છે. એસ્ટ્રાઝેનેકાએ કોવિશિલ્ડ રસી બનાવવા માટે ઓક્સફોર્ડ યુનિવર્સિટી સાથે સહયોગ કર્યો હતો.

# કેરળ, ઝારખંડમાં બર્ડ ફ્લૂના કેસ દેખાયા, સ્વાસ્થ્ય વિભાગ એક્શન મોડમાં

અંદાજે ૧,૭૪૫ ચિકન, ૪૫૦ બતક અને ૧,૬૯૭ ઈંડાનો સાવચેતીના પગલા તરીકે નિકાલ કરવામાં આવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

કેરળ, ઝારખંડમાં બર્ડ ફ્લૂના કેસ દેખાતા સ્વાસ્થ્ય મંત્રાલય સાવચેત બની ગયું છે અને ભારતમાં અને વૈશ્વિક સ્તરે - એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (બર્ડ ફ્લૂ) અને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારીઓ પર દેખરેખ વધારવાનું સૂચન કર્યું છે. નાના બાળકો અને વૃદ્ધોને મોસમી ઈન્ફ્લ્યુએન્ઝાના કિસ્સામાં સૌથી વધુ સંવેદનશીલ જૂથ તરીકે ઓળખવામાં આવ્યા




છે. મંત્રાલયે કહ્યું, તે મોસમી ઈન્ફ્લ્યુએન્ઝા અને બર્ડ ફ્લૂ બંનેના સંબંધમાં પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યું છે; અને હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારોને એચ૧એન૧ કેસ સાથે કામ કરતા આરોગ્યસંભાળ કાર્યકરોની રસીકરણની ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે.

ભારતમાં, ઝારખંડ જેવા કેટલાક રાજ્યોમાં બર્ડ ફ્લૂ ફાટી નીકળ્યાના અહેવાલો છે. રાજ્યની રાજધાની રાંચીમાં, પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મના બે ડોકટરો અને છ સ્ટાફને અલગ રાખવામાં આવ્યા છે. નિવારક પગલાં તરીકે, અંદાજે ૧,૭૪૫ ચિકન, ૪૫૦ બતક અને ૧,૬૯૭ ઈંડાનો સાવચેતીના પગલા તરીકે નિકાલ કરવામાં આવ્યો છે.

# ભાગલપુરમાં સ્કોર્પિયો પર ટ્રક પલટી, ૬ જાનૈયાઓના મોત, ૩ લોકો ઘાયલ

(એ.આર.એલ),ભાગલપુર,તા.૩૦

બિહારના ભાગલપુરની આ ઘટના છે. ૨૯ એપ્રિલ રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો. જેમાં છ જાનૈયાઓના મોત થયા હતા. આ ઘટનામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ તમામ લોકો સ્કોર્પિયોમાં સવાર થઈને લગ્નમાં જઈ રહ્યા હતા. સ્કોર્પિયોમાં ડ્રાઈવર સહિત કુલ ૯ લોકો મુસાફરી કરી રહ્યા હતા. જે દરમિયાન એનએચ૮૦ પર ઘોઘા પોલીસ સ્ટેશન વિસ્તારના અમાપુર ગામ નજીક સ્કોર્પિયો



પર ટ્રક પલટતા અકસ્માત થયો હતો. ક્ષણભરમાં ખુશીનું વાતાવરણ શોકમાં ફેરવાઈ ગયું. સૂત્રોના જણાવ્યા અનુસાર કારમાં સવાર લોકો જાનૈયા હતા. તેઓ મુંગેરના ધાપરીથી કહલગાંવના શ્રીમતપુર જઈ રહ્યા હતા. અહેવાલો અનુસાર, સળિયાઓથી ભરેલી એક ઝડપી ટ્રક, ટાયર ફાટવાને કારણે પલટી ગઈ અને કાર પર પડી હતી. સ્થાનિક સત્તાવાળાઓ અને રહેવાસીઓએ પીડિતોના નશ્વર અવશેષોને બહાર કાઢવા માટે અથાક મહેનત કરી હતી.

# ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુ પર ધરપકડની લટકતી તલવાર, ક્રિમિનલ કોર્ટ અરેસ્ટ વોરન્ટ જારી કરી શકે છે

**કાયદા વિશેષજ્ઞોએ પ્રધાનમંત્રી કાર્યાલયમાં સંભવિત વોરન્ટને કેવી રીતે રોકી શકાય તેના પર 'ઇમરજન્સી ચર્ચા' કરી**

(એ.આર.એલ),ગાઝા,તા.૩૦

ઈઝરાયલને ચિંતા છે કે ગાઝામાં આંતરાષ્ટ્રીય કાનૂનના કથિત ઉલ્લંઘન માટે ઈન્ટનેશનલ ક્રિમિનલ કોર્ટ પીએમ બેંજામિન નેતન્યાહુ સહિત વરિષ્ઠ મંત્રીઓ તથા અધિકારીઓ વિરૂદ્ધ અરેસ્ટ વોરન્ટ જાહેર કરી શકે છે. આઈસીસી ઈઝરાયલ પર



હમાસના ૭ ઓક્ટોબરના હુમલા અને હમાસ શાસિત ગાઝા પર ઈઝરાયલના વિનાશકારી સૈન્ય હુમલાની તપાસ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે વ્યક્તિઓ પર યુદ્ધ અપરાધ, માનવતા વિરૂદ્ધ અપરાધ અને નરસંહારનો આરોપ લાગી શકે છે. એક અહેવાલ અનુસાર જણાવવામાં આવ્યું કે ત્રણેય મંત્રીઓ અને ઘણા સરકારી કાયદા વિશેષજ્ઞોએ મંગળવારે પ્રધાનમંત્રી કાર્યાલયમાં સંભવિત વોરન્ટને કેવી રીતે રોકી શકાય તેના પર 'ઈમરજન્સી ચર્ચા' કરી. આ મામલે ઈઝરાયલ માટે રાહતની વાત છે કે તેમના નજીકના સહયોગી અમેરિકાએ આઈસીસી તપાસને નકારી કાઢી છે.

રિપોર્ટમાં કોઈ સ્ત્રોતનો હવાલો આપ્યા વિના કહેવામાં આવ્યું છે ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અનુસાર ઈઝરાયલી અધિકારીઓએ કન્ફોર્મ કર્યું કે આવી બેઠક થઈ છે કે નેતન્યાહુએ આ અઠવાડિયે બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ કેમેરોન અને જર્મન વિદેશ મંત્રી અન્નાલેના બેરબોક સાથેની તેમની બેઠકોમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને તેમની મદદ માંગી હતી.

# અબુઝમાડના જંગલમાં સૈનિકો સાથે અથડામણમાં ૬ નક્સલી ઠાર

(એ.આર.એલ),બસ્તર,તા.૩૦

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાંથી નક્સલી એન્કાઉન્ટરના મોટા સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના અબુઝમાડ જંગલમાં મંગળવારે સવારથી ભારતીય સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ભારે ગોળીબાર ચાલુ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ એન્કાઉન્ટરમાં ડીઆરજી અને એસટીએફ ટીમને મોટી સફળતા મળી છે, ફાયરિંગમાં ૬ નક્સલવાદીઓ માર્યા ગયા છે.




બસ્તરના આઈજીપી સુંદર રાજથી લઈને એસપી પ્રભાત કુમાર આ એન્કાઉન્ટર પર નજર રાખી રહ્યા છે. જંગલમાં નક્સલવાદીઓ ઘણી જગ્યાએ જવાનો દ્વારા ઘેરાયેલા છે. નક્સલવાદીઓ સાથે ડીઆરજી અને એસટીએફના જવાનો વચ્ચે અથડામણ હજુ પણ ચાલુ છે. જણાવી દઈએ કે ગઈકાલે (સોમવારે) સુકમાના સલાતોંગ વિસ્તારમાં ભારતીય સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે લાંબી અથડામણ થઈ હતી.

ઉત્તરાખંડ સરકાર દ્વારા પતંજલિની દિવ્ય ફાર્મસીની કેટલીક વસ્તુ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે

# રામદેવને ઉત્તરાખંડ સરકારે મોટો ઝટકો આપ્યો, બાબાની કંપનીની ૧૪ પ્રોડક્ટ્સનું લાયસન્સ સસ્પેન્ડ

(એ.આર.એલ),દેહરાદૂન,તા.૩૦

બાબા રામદેવને ઉત્તરાખંડ સરકારે ઝટકો આપ્યો છે. રાજ્ય નિયામક દ્વારા રામદેવની ફાર્મા કંપનીઓની ૧૪ પ્રોડક્ટ્સનું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. આ ઉત્પાદકો વિશે વારંવાર ભ્રામક જાહેરાત પ્રકાશિત કરવાને લઈને કાર્યવાહી કરવામાં આવી છે. રોયટર્સના રિપોર્ટ પ્રમાણે આ ઉત્તરાખંડના ડ્રગ રેગ્યુલેટરીએ ૧૫



એપ્રિલના આદેશ કર્યો હતો, પરંતુ તેને અત્યાર સુધી જાહેર કરવામાં આવ્યો નથી. તો રામદેવના એક પ્રવક્તાએ કહ્યું કે આ મામલા પર તે કોઈ તત્કાલ પ્રતિક્રિયા આપશે નહીં. ઉત્તરાખંડ સરકાર દ્વારા પતંજલિની દિવ્ય ફાર્મસીની કેટલીક વસ્તુ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, નોંધનીય છે કે ભ્રામક જાહેરાતોને લઈને છેલ્લા એક મહિનાથી સુપ્રીમ કોર્ટ દ્વારા રામદેવ અને તેમની ઔષધિ કંપની પતંજલિ આયુર્વેદને ફટકાર લગાવવામાં આવી છે. હવે ૩૦ એપ્રિલે આ મામલાની સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની છે.

# અમેરિકામાં ગેંગસ્ટરને પકડવા ગયેલી પોલીસ પર અંધાધૂંધ ફાયરિંગથી ૩ અધિકારીના મોત

(એ.આર.એલ), વોશિંગ્ટન,તા.૩૦

અમેરિકામાં ફરી એકવાર ફાયરિંગની ઘટનાએ ખળભળાટ મચાવી દીધો છે. નોર્થ કેરોલિનામાં વોન્ટેડ ક્રિમિનલ્સને પકડવા માટે વોરંટ બજાવવા ગયેલા પોલીસ અધિકારીઓ પર અંધાધૂંધ ગોળીબારની ઘટના બની હતી જેમાં ત્રણ અધિકારીઓ માર્યા ગયા હતા. ફાયરિંગની આ ઘટનામાં અન્ય ચાર લોકો ઘાયલ પણ થયા છે. પોલીસે જણાવ્યું હતું કે આ તમામ પોલીસ અધિકારીઓ હથિયાર રાખવાના



આરોપમાં વોન્ટેડ ગુનેગારનું વોરંટ બજાવવા ગયા હતા. ચાર્લોટ-મેક્લેનબર્ગ પોલીસના વડા જોની જેનિંગ્સે જણાવ્યું હતું કે જ્યારે અમેરિકાની માર્શલ્સ ટાસ્ક ફોર્સના અધિકારીઓ વોરંટ સાથે શંકાસ્પદના ઘરે પહોંચ્યા ત્યારે આ ગોળીબારની ઘટના બની હતી.

હાઈવે પર અકસ્માત સર્જાયા બાદ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ

# મુંબઈ અને આગરા હાઈવે પર ગોઝારો અકસ્માત, ૧૦ લોકોનાં મોત, ૩૦ ઘાયલ

(એ.આર.એલ),મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રથી એક આંચકાજનક અહેવાલ સામે આવ્યાં છે. અહીં મુંબઈ-આગરા હાઈવે પર બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧૦ લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા જ્યારે ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. નાસિકના મુંબઈ-આગરા હાઈવે પર અકસ્માત થયા બાદ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સ સહિતની ટીમ તાત્કાલિક



ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. મળતી માહિતી અનુસાર અનેક લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. અહેવાલો મુજબ નાસિકથી જલગાંવ જઈ રહેલી મુસાફરો ભરેલી બસ સામેથી આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, બસનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બસને કાપીને મુસાફરોને બહાર કાઢવા પડ્યા હતા. આ અકસ્માત સર્જાયો ત્યારે તુરંત આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તુરંત પોલીસને જાણ કરી હતી.

# અમરેલીના લોકસભા ચૂંટણીના ઉમેદવારો ૪ મેના રોજ ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરશે

અમરેલી, તા.૩૦

અમરેલી લોકસભા મતદાર વિભાગના ઉમેદવારને તેમના લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૭૭ મુજબ ચૂંટણી લડતા દરેક ઉમેદવારને તેનું નામાંકન થયા તારીખથી તેનું પરિણામ જાહેર થાય તે તારીખ, બન્ને તારીખો સહિત વચ્ચે ઉમેદવાર અથવા ઉમેદવારના ચૂંટણી એજન્ટ દ્વારા ચૂંટણીના સંદર્ભમાં કરેલા તમામ ખર્ચનો, ઉમેદવાર અથવા ઉમેદવારના ચૂંટણી એજન્ટે હિસાબ રાખવાના હોય છે. ચૂંટણી ખર્ચના હિસાબ રાખવા માટેના નિયત ચૂંટણી ખર્ચ રજિસ્ટર ઉમેદવારોને આપવામાં આવે છે. ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન ઉમેદવારના ખર્ચ રજિસ્ટરમાં દર્શાવવામાં આવેલા રોજેરોજના હિસાબની ઓછામાં ઓછી ત્રણ વખત તપાસણી કરાવવાની રહે છે. ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષક કે અધિકૃત અધિકારીને ચૂંટણી ખર્ચને લગતી આ બાબતો રજૂ કરવાની રહે છે. આથી ઉમેદવારોએ ચૂંટણી ખર્ચના રોજેરોજના હિસાબોની તપાસણી માટે ચૂંટણી ખર્ચ રજિસ્ટર, ક્રમસર ગોઠવેલા વાઉચર સહિતના દસ્તાવેજો અને વિગતો સાથે તા.૪ મે, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી જિલ્લા પંચાયત કચેરીના વીડિયો કોન્ફરન્સ હોલ ખાતે ઉપસ્થિત રહેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# કોડીનાર તાલુકાનાં ડોળાસા ગામે કારડીયા રાજપુત સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો

જાનમાં બળદ-ગાડાને જૂના વખત પ્રમાણે શણગારાયા

કોડીનાર, તા.૩૦

કોડીનાર તાલુકાનાં ડોળાસા ગામે કારડીયા રાજપુત સમાજનો છઠ્ઠો સમૂહ



લગ્નોત્સવ ૨૮ એપ્રિલના રોજ યોજાયો હતો. જેમાં કાણકિયા ગામેથી જાન જોડીને આવેલા વરરાજાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવમાં કાણકિયા ગામેથી આવેલ સાર્થકસિંહ ડોડીયાનાં પરિવારજનોએ જાનમાં જૂની પરંપરા મુજબ શણગારેલા બળદ-ગાડામાં વરરાજાને લઈને આવ્યાં હતાં.

આ જાનમાં બળદોને અને ગાડાને જૂના વખતનાં રાજા રજવાડા પ્રમાણે શણગાર આપવામાં આવ્યો હતો અને જૂની પરંપરાની સૌને યાદ અપાવી હતી.

# સમ્રાટ અશોકની જન્મ જયંતીની જૂનાગઢ ખાતે ઉજવણી કરવામાં આવી

જૂનાગઢ,તા.૩૦

મહા ગુજરાત બૌદ્ધ સંઘ દ્વારા ૧૬ એપ્રિલના રોજ સમ્રાટ અશોકની ૨૩૨૮ મી જન્મ જયંતીની જૂનાગઢ ખાતે આવેલ સમ્રાટ અશોક શિલાલેખની બૌદ્ધોએ મુલાકાત કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ કાળવા ચોકથી ધમ્મ પદયાત્રા કાઢવામાં આવી હતી જે સમ્રાટ અશોકનાં શિલાલેખ સુધી જઈ પૂર્ણ થઈ હતી. ત્યારબાદ



આયુષ્માન સિંહલ બોધિધર્મન દ્વારા શિલાલેખમાં બુદ્ધ વંદનાનું સંઘાયાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ બૌદ્ધોએ પોતાની બૌદ્ધ વિરાસત ખાપરા કોડીયાની બૌદ્ધ ગુફાઓ અને બાબા પ્યારેની બૌદ્ધ ગુફાઓની મુલાકાત લીધી હતી.

# ધોરાજીમાં પોલીસે પ્રતિબંધિત સીરપની ૧૫૦ બોટલ ઝડપી પાડી

ધોરાજી,તા.૩૦

ધોરાજીમાં પ્રતિબંધિત સીરપની ૧૫૦ બોટલ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. ધોરાજી સિટી પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગોધમે માહિતી આપતા જણાવ્યું હતું કે, ધોરાજી સિટી પોલીસનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ચોક્કસ બાતમી મળતા ધોરાજીના ચુનારાપા વિસ્તારમાં પ્રતિબંધિત કોડીન સીરપનો જથ્થો હોવાની માહિતીના આધારે સરફરાજ શકરીયાણીનાં કબજા ભોગવટા વાળા મકાનમાં દરોડા પાડતા અહીંથી ૨૬૦૦૦ રૂપિયા કિંમતની સીરપની સીલપેક ૧૫૦ બોટલ મળી આવી હતી. એટલું જ નહી ૫૦૦ રૂપિયાની કિંમતનો દેશી દારૂ અને ૩,૩૨૦ રૂપિયાનો ભઠ્ઠીનો સામાન સહિતનો મુદા મળી ઝડપી પાડી હાલ આરોપીની શોધખોળ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

# અડવી ગામે મહાકાળી માતાજીનાં નવનિર્મિત મંદિરે ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રારંભ

કોડીનાર, તા.૩૦

કોડીનારના અડવી ગામે સમસ્ત ગ્રામજનોનાં સહયોગથી મહાકાળી માતાજીના નવનિર્મિત મંદિરે ૨૯ એપ્રિલથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ દિવસે હનુમાનજી, કાલભૈરવ, મહાકાલી માતાનાં ઉપાસક રામકૃષ્ણ પરમહંસની મૂર્તિઓની નગર યાત્રા યોજાઈ હતી. નગરયાત્રા બાદ આ તમામ



મૂર્તિઓને મંદિર પટાંગણમાં રાખવામાં આવી છે. જ્યાં શાસ્ત્રી ચેતનભાઈ જાની અને હિતેશભાઈ ભટ્ટએ શાસ્ત્રોક્ત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ કર્યો છે. ૧લી મેના રોજ મહા આરતી બાદ મંદિર લોક દર્શન માટે ખુલ્લું મુકાશે.

### આર્મીની ગુપ્ત માહિતી અને જમ્મુ - કાશ્મીર એરપોર્ટની માહિતી પાકિસ્તાનને આપતો હતો

# જાસૂસી કેસમાં મૂળ જામનગરના શખ્સની દિલ્હીથી ધરપકડ

અમદાવાદ,તા.૩૦

પાકિસ્તાની આર્મી અથવા એજન્ટ સાથે મળીને ભારતીય આર્મીની ગુપ્ત માહિતી અને જમ્મુ-કાશ્મીર એરપોર્ટની માહિતી મોકલવાના કાવતરામાં મદદ કરનાર જામનગરના એક આરોપીની ગુજરાત એટીએસની ટીમે ધરપકડ પૂછપરછ હાથ ધરી છે. ગુજરાત એટીએસે થોડા સમય પહેલા આણંદના તારાપુર ખાતે રહેતા લાભશંકર દુર્યોધન મહેશ્વરીની જાસૂસીના કેસમાં ધરપકડ કરી હતી.

જે ગુનામાં સામેલ મૂળ જામનગરના આરોપી સકલૈન ઉમર દાઉદની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. જામનગરના ભાડેલા માતમ ચોકમાં રહેતા સકલૈન ઉમર દાઉદની એટીએસએ ધરપકડ કરી છે. આ સમગ્ર કૌભાંડમાં સકલૈનની મુખ્ય ભૂમિકા સામે આવી છે.



સકલૈને જે સીમકાર્ડ ખરીદ્યુ હતું તે પાકિસ્તાન પહોંચ્યું હતું. સકલૈને સીમકાર્ડ ખરીદ્યા બાદ જામનગરના અસગર આજીભાઈ મોદીને આપ્યું હતું. અસગરે સીમકાર્ડ તેના ફોનમાં એક્ટિવેટ કર્યું હતું. આ સીમકાર્ડમાં વોટ્સએપ અપડેટ કરવા માટે આરોપીઓએ આણંદના તારાપુર ખાતે રહેતા લાભશંકર દુર્યોધન મહેશ્વરીને મોકલી આપ્યું હતું. સીમકાર્ડમાં વોટ્સએપ એક્ટિવેટ કરવા માટેનો ઓટીપી તેની પાસેથી પાકિસ્તાનમાં બેઠેલા વ્યક્તિને મોકલ્યો હતો. સકલૈન ઉમર દાઉદનો સીમકાર્ડ ખરીદવામાં રોલ હોવાની વિગતો તપાસમાં સામે આવી છે.

સીમકાર્ડમાં વોટ્સએપ અપડેટ કર્યા બાદ પાકિસ્તાની એજન્ટને મોકલવામાં આવ્યું હતું. આ સીમકાર્ડનો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સે કર્યો અને જમ્મુ-કાશ્મીર ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ખાતે સિપાહી તરીકે ફરજ બજાવતા સંતોષકુમાર ઉર્ફે સિન્ટુ સિતારામ ભાટીયા જવાનને એકઝામ અપડેટ ૨૦૨૨-૨૩ ના મેસેજની આડમાં માલવેર વાયરસ મોકલ્યો હતો. એરફોર્સ જવાને મેસેજને ઓપન કરતા જ તેના ફોનના એકસેસ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સ પાસે આવી ગયા હતા. જે સીમકાર્ડના વોટ્સએપ નંબરનો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા આર્મી જવાન, જાસૂસ કે આર્મીના એજન્ટ દ્વારા એરફોર્સ જવાનના ફોનનો એકસેસ મેળવવા માટે થયો હતો. એરફોર્સ જવાનના ફોનના એક્સેસ મેળવી આરોપીઓએ અનઅધિકૃત રીતે કમ્પ્યુટર રિસોર્સમાં પ્રવેશ મેળવી ભારતીય આર્મીની ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આમ સુરક્ષાને જોખમમાં નાખવાના ઈરાદાથી થયેલા ગંભીર ગુના અંગે ગુજરાત એટીએસએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આ ગુનામાં અસગર, લાભશંકર અને મો.સકલૈન સહિત ત્રણ આરોપી પકડાયા છે. અન્ય ફરાર આરોપીઓને પકડવા માટે એટીએસ દ્વારા વધુ તપાસ ચાલુ છે.

# ભાજપના રાજમાં હવે રૂ.૨૦માં માત્ર ૬ પાણીપુરી મળે છે : પરેશ ધાનાણી




રાજકોટ,તા.૩૦

રાજકોટ લોકસભા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીની ગઈકાલે રાજકોટના નવાગામ સ્થિત ખોડલધામ રેસિડેન્સી ખાતે જાહેરસભા સંબોધી હતી, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પરેશ ધાનાણીએ પોતાના પ્રચારને ક્રિકેટ મેચ સાથે સરખાવી પ્રવચન આપતાં જણાવ્યું હતું કે અમારા સાહેબ દોઢ મહિનાથી ટેસ્ટ રમતા હતા, સ્કોર ન થયો, જેથી મારા ભાગે ૨૦-૨૦ રમવાની આવી છે. અહીં ટેસ્ટ મેચ રમતા સાહેબ તરીકે પુરુષોત્તમ રૂપાલાનું નામ લીધા વગર પ્રહાર કરી મતદારો પાસે મતદાનની અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં હાલ બહુમતીના જોરે રચાયેલી સરકારે અસહ્ય મોંઘવારી વધારી દીધી છે, તેમજ દરરોજના જીવનનિર્વાહની ચીજોના ભાવ આસમાને પહોંચાડી દીધા છે. દરેક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભાવ વધારીને આ ભાજપ સરકાર ધોળે દિવસે લૂંટ ચલાવી રહી છે. ત્યારે આમ જનતા તેમજ ગૃહિણીઓ આર્થિક રીતે આ મોંઘવારીનો માર સહન કર્યે જાય છે છતાં પણ હાલની ચૂંટાયેલી સરકાર ભાવવધારાથી લોકોની તકલીફ પ્રત્યે ધ્યાન આપતી નથી. મોંઘવારી મુદ્દે જાહેરસભામાં ઉપસ્થિત મહિલાઓને તેમની પ્રિય પાણીપુરીના ભાવ અંગે પણ ટકોર કરી હતી કે રોડ-શો દરમિયાન એક પાણીપુરીની લારીએ મહિલાઓ પાણીપુરી ખાતી હતી. ત્યારે ત્યાં જઈને ભાવ પૂછતાં જાણવા મળ્યું કે પહેલાં ૧૦ રૂપિયામાં ૧૦ પાણીપુરી મળતી હતી, એ આજે આ ભાજપના રાજમાં ૨૦ રૂપિયામાં ફક્ત ૬ પાણીપુરી મળે છે.

# જસદણમાં માંડવામાં પ્રસાદ લીધા બાદ ૪૦૦ લોકોને ફૂડ પોઈઝનિંગ

(એ.આર.એલ),રાજકોટ,તા.૩૦

રાજકોટમાં બાળકો સહિત ૪૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. એક સાથે આટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા તંત્ર પણ દોડતું થયુ હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોખલાણા ગામે સોમવારે માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં આસપાસના ગામોમાંથી એક હજારથી વધુ લોકો આવ્યા હતા. માંડવામાં પ્રસાદ લીધા બાદ એક સાથે ૪૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ થતા હડકંપ મચી ગયો હતો. આમાં કેટલાક ૫ થી ૧૨ વર્ષના બાળકો પણ સામેલ હતા. આ સમાચાર મળતા જ તંત્ર પણ દોડતું થયું હતું.

# પોરબંદર લોકસભાના ઉમેદવાર મનસુખ માંડવીયા બરડા નેસ પહોચ્યા

અમરેલી,તા.૩૦

પોરબંદર લોકસભાની બેઠકના ભાજપ સાંસદ મનસુખ માંડવીયાએ બરડા ડુંગર જંગલ નેસ વિસ્તારનો પ્રવાસ ખેડયો હતો. બરડા ડુંગરમાં વસવાટ કરતા માલધારી મતદારોનો સંપર્ક કરી કુદરતના ખોળે અપાર પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે મળેલા



પ્રેમનો ડો.મનસુખ માંડવીયાએ આભાર માની જણાવ્યું હતું કે, આ મુલાકાત હંમેશા મને યાદ રહેશે. પ્રવાસ દરમિયાન મનસુખ માંડવીયાએ માલધારી લોકોની જીવનશૈલી મુજબ ભોજન લઈ આતિથ્ય માણ્યુ હતું. જયાં તેમણે જુની દેશી પધ્ધતિનું વલોણુ ચલાવી છાશ પણ વલોવી હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સાદગીપૂર્વક જંગલમાં માલધારીઓને મળતા માલધારીઓ ખુશ થઈ ગયા હતા.

# ભુજમાં લગ્રન પ્રસંગની તૈયારી કરી રહેલા પરિવાર પર એસિડ એટેક

(એ.આર.એલ),ભુજ,તા.૩૦

ભુજના સરપટ ગેટ બહાર શીવહરીનગર નજીક રાજ ફર્નીચરની બાજુમાં સોમવારે સવારે લગ્ન પ્રસંગવાળા ઘર પાસેથી ઓવર સ્પીડમાં મોટર સાયકલ ચલાવવા મુદ્દે યુવાનો વચ્ચે મારામારી થયા બાદ મામલો ગંભીર બન્યો હતો. ઘર પાસે આંગણામાં બેઠેલા પરિવાર પર એસિડવાળા પાણીથી તેમજ ધોકા, લોખંડના પાઈપથી હુમલો કરતા મહિલા સહિત ૫



લોકો દાઝી ગયા હતા. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. જ્યારે સામા પક્ષના ત્રણ શખ્સ ઘાયલ થતાં તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મામલો વધુ ઉગ્ર સ્વરૂપ ન લે માટે પોલીસ કાફલો દોડી ગયો હતો. આ અંગે સરપટ નાકા બહાર શીવહરીનગરમાં અને રાજ ફર્નીચર નામે વ્યસાય કરતા અખતર અબ્દુલભાઈ ભટ્ટીએ બી ડિવિઝન પોલીસ મથકે આરોપી આદમ અજીજ ખત્રી, અજીજ ખત્રી, ઈબ્રાહિમ અજીજ ખત્રી, સતાર ખત્રી તેમજ અન્ય ચારથી પાંચ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

# સોમનાથમાં મોદીને જીતાડવા મહાદેવની વિશેષ મહાપૂજા

(એ.આર.એલ), ગીરસોમનાથ,તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના જુના પ્રભાસ તીર્થ ખાતે દેવાધિદેવ મહાદેવની વિશેષ આરાધના કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૪૦૦ પાર સંકલ્પને સિદ્ધ કરવા માટે વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ભારત દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે. આ વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અબકી બાર ૪૦૦ કે પારનો સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે. ભાજપ તેમજ સાથી પક્ષોનો ૪૦૦થી વધુ બેઠકો પર વિજય થાય તે માટે આ સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે પ્રભાસ તીર્થમાં જુના સોમનાથ મહાદેવ મંદિર ખાતે સોમપુરા તીર્થ પુરોહિત સમુદાય દ્વારા નરેન્દ્ર મોદીનો સંકલ્પ સાકાર થાય તે માટે મહાદેવની વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગુજરાતમાંથી અમિત શાહના એડિટેડ વીડિયો કેસમાં બે શખ્સોની ધરપકડ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો એડિટેડ વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. અમિત શાહનો વીડિયો એડિટ કરી વાયરલ કરવા મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૨ લોકોની ધરપકડ કરી છે. એક આરોપી ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો પીએ સતીશ વસાણી હોવાનું ખુલ્યુ છે. તો બીજો આરોપી આપનો



કાર્યકર આર.બી. બારૈયા હોવાનું સામે આવ્યુ છે. આરોપીઓએ પાલનપુર અને લીમખેડાની સભામાં વીડિયો એડિટ કરી અને વાયરલ કર્યા હતા.

સાયબર ક્રાઈમે આઈપી એડ્રેસના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં આ ફેક વીડિયો આર.બી. બારૈયાના ફેસબુક એકાઉન્ટના સંચાલક સાથે સંકળાયેલો હતો. જેનું કનેકશન આમ આદમી પાર્ટી અને જિગ્નેશ મેવાણીનો પીએ સતીશ વસાણી હોવાનું ખુલ્યુ છે.

આ વીડિયો કોના કહેવાથી એડિટ કરવામાં આવ્યો અને વાયરલ કરવામાં આવ્યો તેની માહિતી પ્રાપ્ત થઈ નથી.







હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

